# ક્રમબદ્ધપર્યાય પ્રવચન

(શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૩૦૮-૩૧૧ પર
પૂજ્ય ગુરુદેવશ્રીના મર્મઉદ્‌ઘાટક અક્ષરશઃ પ્રવચન)



શ્રી મહાવીરસ્વામી



શ્રી સીમંધરસ્વામી




શ્રી સમયસારજી



શ્રી કુંદકુંદાચાર્ય



શ્રી અમૃતચંદ્રાચાર્ય

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી




પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# ક્રમબદ્ધપર્યાય પ્રવચન

( શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર
પરમાગમની ગાથા ૩૦૮ થી ૩૧૧ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૯ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૭

વીર સંવત ૨૫૪૭

ઈ. સન ૨૦૨૦

: પ્રકાશન પ્રસંગ :
ચૈત્ર સુદ ૧૩, વીર સંવત – ૨૫૪૭; રવિવાર, ૨૫-૦૪-૨૦૨૧
શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક તથા
પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંપ્રદાય પરિવર્તન દિન

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email-info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુનિદશાના નિશ્ચય અને વ્યવહારઆવશ્યકનું અને મોક્ષમાર્ગનું સ્પષ્ટ સત્યાર્થ નિરૂપણ છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ ક્રમરૂપ અને અક્રમરૂપે ઝળકી રહ્યું છે. આ અક્રમરૂપ સ્વભાવને દ્રવ્ય અને ગુણ કહે છે અને ક્રમરૂપ સ્વભાવને પર્યાય કહે છે. વિશ્વમાં સમસ્ત (વસ્તુની) દ્રવ્યની આ જ ક્રમરૂપ અને અક્રમરૂપ (દ્રવ્ય-ગુણ-પર્યાયમય) વ્યવસ્થા છે. ક્રમરૂપ અને અક્રમરૂપ સ્વભાવની સદ્રશ્યતાને (એકરૂપતાને) શુદ્ધ પરિણમન કહેવાય છે અને ક્રમરૂપ અને અક્રમરૂપ સ્વભાવની વિસદ્રશ્યતાને (વિરૂપતાને) અશુદ્ધ પરિણમન કહેવાય છે. વિશ્વમાં છ દ્રવ્યમાંથી ચાર દ્રવ્ય તો શુદ્ધરૂપે જ પરિણમી રહ્યા છે; પણ જીવ ને પુદ્‌ગલ એ બે દ્રવ્યો શુદ્ધરૂપે તથા અશુદ્ધરૂપે પરિણમતાં જોવામાં આવે છે.

જીવદ્રવ્યના અશુદ્ધ પરિણમનને જ અજ્ઞાની (અપ્રતિબુદ્ધ અવસ્થા) કહેવાય છે અને તે દુઃખરૂપ છે. અનાદિકાળના અપ્રતિબુદ્ધ જીવને સમયસારમાં આચાર્ય ભગવાન એ પ્રતિબુદ્ધ થવાનો માર્ગ (મોક્ષમાર્ગ) દર્શાવ્યો છે. અનાદિકાળથી આ અપ્રતિબુદ્ધ જીવ પોતાની મિથ્યાબુદ્ધિથી પીડાઈ રહ્યો છે. આ વિપરીત બુદ્ધિનો સાચું જ્ઞાન-શ્રદ્ધાન થતાં નાશ થાય છે. જીવની વિપરીત બુદ્ધિ ઘણા અલગ-અલગ પ્રકારની હોય છે તેમાં મુખ્યત્વે પરમાં એકત્વપણું, મમત્વપણું, કર્તૃત્વપણું, ભોકર્તૃત્વપણું અને સ્વામિત્વપણું છે. જીવનો દ્રવ્યસ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા અને અકર્તાસ્વભાવ છે; પણ અજ્ઞાની જીવ પોતાને પરનો કર્તા અને ભોક્તા માને છે. આ તેનું પરમાં કર્તૃત્વપણું અકિંચિત્કર છે એ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ૩૦૮ થી ૩૧૧મી ગાથામાં આચાર્ય ભગવાનને ખૂબ જ સ્પષ્ટપણે સમજાવ્યું છે. અહીં આત્માનું અકર્તૃત્વપણું કટકાદિના દ્રષ્ટાંતપૂર્વક સમજાવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ આ જ ગાથાના આધારે ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ ફૂક્યો છે.

અત્રે પ્રસ્તુત પ્રવચન વી. સં. ૨૫૦૫ના અષાઢ માસના આઠ પ્રવચનો છે. અષાઢ અને શ્રાવણ માસમાં નિયમિત સોનગઢમાં શિક્ષણ શિબિરનું આયોજન થતું હતું. આ શિક્ષણ શિબિરમાં ઘણા દૂર દૂરથી મુમુક્ષુઓ આવતા હતા અને પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે તેઓ નીતરતા સત્ધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવો ગહન વિષય આ શિબિરમાં લેવામાં આવ્યો હતો. આ ગહન આઠ પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનું જ ફળ છે. અધ્યાત્મનું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબસાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો

દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમયસાર ગ્રંથની ૩૦૮ થી ૩૧૧ ગાથા ઉપર થયેલ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય નિજેશ જૈન દ્વારા કરવામાં આવેલ છે તથા શ્રી અતુલભાઈ જૈન અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ તરફથી આ પ્રવચનોના પ્રકાશન અર્થે આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલેપાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્દગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની

દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે

છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ.

૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમ | તારીખ | ગુજરાતી મહિનો | વાર | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૧-૭-૧૯૭૯ | અષાઢ વદ ૧૩ | શનિવાર | ૩૦૮-૩૧૧ | ૧-૧૩ |
| ૨ | ૨૨-૭-૧૯૭૯ | અષાઢ વદ ૧૪ | રવિવાર | ૩૦૮-૩૧૧ | ૧૪-૨૫ |
| ૩ | ૨૩-૭-૧૯૭૯ | અષાઢ વદ ૧૫ | સોમવાર | ૩૦૮-૩૧૧ | ૨૬-૩૭ |
| ૪ | ૨૪-૭-૧૯૭૯ | શ્રાવણ સુદ ૧ | મંગળવાર | ૩૦૮-૩૧૧ | ૩૮-૪૯ |
| ૫ | ૨૫-૭-૧૯૭૯ | શ્રાવણ સુદ ૨ | બુધવાર | ૩૦૮-૩૧૧ | ૫૦-૬૧ |
| ૬ | ૨૬-૭-૧૯૭૯ | શ્રાવણ સુદ ૩ | ગુરુવાર | ૩૦૮-૩૧૧ | ૬૨-૭૨ |
| ૭ | ૨૭-૭-૧૯૭૯ | શ્રાવણ સુદ ૪ | શુક્રવાર | ૩૦૮-૩૧૧ | ૭૩-૮૪ |
| ૮ | ૨૮-૭-૧૯૭૯ | શ્રાવણ સુદ ૫ | શનિવાર | ૩૦૮-૩૧૧ | ૮૬-૯૬ |

**અષાઢ વદ ૧૩, શનિવાર, તા. ૨૧-૭-૧૯૭૯**
**ગાથા-૩૦૮-૩૧૧, પ્રવચન-૧**

**अब, आत्माका अकर्तृत्व दृष्टांतपूर्वक कहते हैं :–**

યે ગાથા જો હૈ વહ મોક્ષ અધિકારકી ચૂલિકા હૈ. યે શુરૂઆતકી ગાથા જો હૈ, વો મોક્ષ અધિકાર પૂરા હુઆ ઉસ મોક્ષ અધિકારકી ચૂલિકા હૈ. ૩૨૧ ગાથામેં સમયસાર... પૂરે સમયસારકી ચૂલિકા હૈ. 'ચૂલિકા'કા અર્થ યહ હૈ કિ જો કથન આ ગયા વહ ભી હૈ, નહીં આયા વહ ભી હૈ, (તથાપિ) વિશેષ સ્પષ્ટીકરણ કરના ઉસકા નામ ચૂલિકા હૈ. તો યે ગાથા મોક્ષ અધિકારકી.... મોક્ષ અધિકાર પહલે આ ગયા હૈ ન ? ઉસકી ચૂલિકા હૈ. સંસ્કૃત ટીકામેં સબ હૈ.

**दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं ।**
**जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह ।।३०८।।**
**जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते ।**
**तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि ।।३०९।।**
**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा ।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि ।।३१०।।**
**कम्मं पडुच्च कत्ता कत्तारं ह पडुच्च कम्माणि ।**
**उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा ।।३११।।**

**जो द्रव्य उपजे जिन गुणोंसे, उनसे ज्ञान अनन्य सो ।**
**है जगतमें कटकादि, पर्यायोंसे कनक अनन्य ज्यों ।।३०८।।**
**जीव-अजीवके परिणाम जो, शास्त्रों विषैं जिनवर कहे ।**
**वे जीव और अजीव जान, अनन्य उन परिणामसे ।।३०९।।**
**उपजे न आत्मा कोइसे, इससे न आत्मा कार्य है ।**
**उपजावता नहिं कोइको, इससे न कारण भी बने ।।३१०।।**
**रे! कर्म-आश्रित होय कर्ता, कर्म भी करतार के ।**
**आश्रित हुवे उपजे नियमसे, अन्य नहिं सिद्धी दिखै ।।३११।।**

**ટીકા** : સૂક્ષ્મ બાત હૈ. યે તો મોક્ષ અધિકારકી ચૂલિકા હૈ. ઉસમેં (-શાસ્ત્રમેં) ન આયા હો ઐસા વિશેષ ભી યહાં લેના ઉસકા નામ ચૂલિકા હૈ. કહતે હૈં, પ્રથમ તો યહ કહના હૈ કિ....

પ્રથમ નામ **तावत्** શબ્દ પડા હૈ સંસ્કૃતમેં. **तावत्**.. મુખ્ય બાત તો યહ કહના હૈ કિ.... સૂક્ષ્મ બાત હૈ. **जीव क्रमबद्ध ऐसे अपने परिणामोंसे उत्पन्न होता हुआ... जीव क्रमबद्ध**.. એક પીછે એક પરિણામ જો ક્રમબદ્ધ હોતે હૈં (અર્થાત્) આગે-પીછે નહીં ઔર પરસે નહીં. આહાહા ! યે ક્રમબદ્ધકા બડા ઝઘડા હૈ ન. ઐસા ક્રમબદ્ધ જો હો તો પુરુષાર્થ કહાં રહા. એક પીછે એક પર્યાય જબ ક્રમબદ્ધ હોગી... હૈ તો ઐસા હી. જીવમેં ક્રમસર.... ક્રમવર્તી કહા હૈ (ઉસે) યહાં ક્રમનિયમિત–ક્રમબદ્ધ કહા હૈ. જિસ જીવકો જિસ સમય જો પર્યાય હોનેવાલી હૈ વો ક્રમબદ્ધ નામ ક્રમમેં આનેવાલી હૈ વો આતી હૈ. અને વો પર્યાયકા સ્વકાલ હી યે હૈ, જન્મક્ષણ યહ હૈ. જીવમેં જિસ સમય જો પર્યાય હોગી, જો પર્યાય હોં, આઘીપાછી કોઈ નહીં. ક્રમબદ્ધકી બડી ચર્ચા હુઈ થી (સંવત) ૧૩કી સાલમેં. ક્રમબદ્ધકા ઐસા અર્થ કિયા કિ એક પીછે હોગી, પણ ઈસકે પીછે યહી (હોગી) ઐસા નહીં. કીધું, એક પીછે એક હો, વહી હો, એનું નામ ક્રમબદ્ધ છે. ૧૩કી સાલમેં બડી ચર્ચા હુઈ થી ઈસરીમેં. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ!

યે જીવ–આત્મા જો હૈ, ઉસકી પર્યાય–અવસ્થા ક્રમબદ્ધ–ક્રમનિયમ (અર્થાત્) જો સમયમેં જો પર્યાય હોની હૈ વો હોગી, પીછે (-બાદમેં) જો હોનેવાલી (હૈ વો પીછે) હોગી, પીછે (-બાદમેં) જો હોનેવાલી (હૈ વો પીછે) હોગી—ઐસે ક્રમસર હોતી હૈ. આગે-પીછે કરનેકી તાકાત ઈન્દ્ર ઔર નરેન્દ્રકી ભી નહીં હૈ. આહાહા ! પર વહ ક્રમબદ્ધકા તાત્પર્ય ક્યા હૈ, વો કહતે હૈં, દેખો. પહલે કહા ન? **आत्माका अकर्तृत्व दृष्टांतपूर्वक कहते हैं**. ઉપર, ગાથાકે ઉપર. અકર્તૃત્વ... ક્રમબદ્ધમેં અકર્તૃત્વ સિદ્ધ કરના હૈ. ઝીણી વાત છે ભગવાન! આહા! દરેક જીવકી પર્યાય જિસ સમય હોનેવાલી હૈ ઉસી સમય હોગી, આગે-પીછે કરનેકી તાકાત ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્રકી ભી નહીં હૈ ઔર પરસે તો હોતી નહીં. આહાહા ! સૂક્ષ્મ બાત હૈ. યહ કહતે હૈં, અકર્તાપના સિદ્ધ કરનેકો ક્રમબદ્ધકી બાત કહતે હૈં. ક્રમબદ્ધ કહનેકો અકર્તા (કહતે હૈં) ઔર અકર્તાપના સિદ્ધ કરનેકો ક્રમબદ્ધ કહતે હૈં. આહાહા !

પત્ર આયા થા કોઈકા કિ ૧૪વી, ૩૮વી, ૭૩વી ગાથા (લો). પણ યે (ગાથા) લેનેકી જરૂર થી. વો તો ચલી હૈ ૧૯ બાર. ૧૯વીં બાર યે (સયમસાર) ચલતા હૈ. દો ગાથા તો ૧૯ બાર ચલ ગઈ હૈ. પર યે શિક્ષણ શિબિર હૈ તો યે ગાથા (લેનેકા વિકલ્પ આયા). બહુત કઠણ હૈ. આહાહા!

જીવકી જિસ સમય જો પર્યાય હોનેવાલી હૈ યે હોગી. ભગવાન દેખતે હૈં તો હોગી ઐસા ભી નહીં. ભગવાન તો જ્ઞાયક હૈં. યે તો સર્વજ્ઞ હૈં. વે તો, હોતી હૈ ઉસકો જાનતે હૈં ઔર હોનેવાલી પર્યાય દરેક જીવમેં—નિગોદસે લેકર સિદ્ધ સબમેં..... આહાહા! જો સમય જો પર્યાય ઉત્પન્ન હોનેવાલી હૈ, યે ક્રમસર–ક્રમબદ્ધ–નિયમસર ઉત્પન્ન હોગી. તો ઉસકા તાત્પર્ય ક્યા હૈ?

**प्रथम तो जीव क्रमबद्ध ऐसे अपने परिणामोंसे...** જીવ અપને પરિણામોંસે.. અપને ક્રમસર પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ. હૈ? **होता हुआ जीव ही है**.... યે પરિણામ પરસે તો હોતે

નહીં ઔર અપને પરિણામસે પરમેં કુછ હોતા નહીં ઔર અપને પરિણામ ભી ક્રમબદ્ધ—એક પછી એક હોનેવાલે હૈં વો હી હોંગે. આહાહા! પર્યાય ક્રમબદ્ધ હૈ (અર્થાત્ હોનેવાલી) હોગી, તો ઉસમેં પુરુષાર્થ કહાં રહા ? વો કહા હૈ. ઈસમેં અકર્તાપના સિદ્ધ કરના હૈ. આહાહા! અકર્તાપના ભી નાસ્તિસે બાત હૈ, બાકી ખરેખર જ્ઞાતા સિદ્ધ કરના હૈ. પંડિતજી! આહાહા! ઝીણી વાત બાપુ! ભગવત્! તેરી ચીજ ઐસી હૈ. લોગોંને અપના પક્ષ છોડકર સુની નહીં કભી (કિ) સત્ય ક્યા હૈ. આહાહા!

ક્રમબદ્ધપર્યાય હોતી હૈ, તો ઉસમેં પુરુષાર્થ કહાં રહા ? તો કહતે હૈં કિ ક્રમબદ્ધમેં અકર્તાપનેકા પુરુષાર્થ હૈ. જો સમયમેં જો પર્યાય (હોનેવાલી હૈ વો) હોગી ઉસકા જબ નિર્ણય કરતે હૈં તો જ્ઞાયક ઉપર દ્રષ્ટિ જાતી હૈ. જ્ઞાયક પર દ્રષ્ટિ હોનેસે રાગકા.... સૂક્ષ્મ બાત હૈ. ખરેખર તો યે પર્યાયકા ભી કર્તા નહીં. એટલી બધી વાત અહીં નથી લીધી. જો સમયમેં જો પર્યાય હોનેવાલી હૈ ઉસકા નિર્ણય કબ હોતા હૈ ? કિ ઉસકા મૈં અકર્તા હૂં (ઐસા નિર્ણય હો). અકર્તાપનેકા નિર્ણય કબ હોતા હૈ ? કિ અપને જ્ઞાયકભાવ ઉપર નજર પડે, અપને જ્ઞાયકસ્વભાવ પર દ્રષ્ટિ હો તબ ક્રમબદ્ધકા નિર્ણય હોતા હૈ. જ્ઞાયકસ્વભાવ ઉપર (દ્રષ્ટિ કરનેસે) અકર્તાપનેકા પુરુષાર્થ આયા. ઝીણી વાત છે ભગવાન! આહાહા!

૭૨ ગાથામેં તો 'ભગવાન' કહકર બુલાતે હૈં આચાર્ય. 'ભગવાન આત્મા' એમ કહતે હૈં. ૭૨ ગાથામેં આયેગા. પ્રભુ! પુણ્ય ને પાપ અશુચિ હૈ, મૈલ હૈ. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાકા ભાવ ભી મૈલ હૈ. 'ભગવાન આત્મા' ઐસા શબ્દ હૈ. સંસ્કૃત ટીકા ૭૨. ભગવાન આત્મા નિર્મળાનંદ જ્ઞાતા-દ્રષ્ટા હૈ, આહા! નિર્મલ હૈ. પુણ્ય ને પાપ અશુચિ ને મૈલ હૈ. ક્રમસર પરિણામ હોતા હૈ તો ભી જો પુણ્ય-પાપરૂપ પરિણામ હોતા હૈ, યે હૈ તો દુઃખરૂપ ને મેલ. આહાહા! જ્ઞાનીકો ભી અપના આત્મા રાગ ને પરકા અકર્તા હૈ ઐસી બુદ્ધિ જબ હોતી હૈ, તબ ઉસકી બુદ્ધિ દ્રવ્ય પર જાતી હૈ. સમજમેં આયા? દ્રવ્ય જ્ઞાયક હૈ ઔર જ્ઞાયક ઉપર દ્રષ્ટિ હોનેસે જ્ઞાતા-દ્રષ્ટાકા નિર્ણય ક્રમબદ્ધમેં હોતા હૈ. ઈસકા—અકર્તાપનેકા નિર્ણય જ્ઞાતા-દ્રષ્ટાપનેમેં હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

તો કોઈ એમ કહે, કેવલીને દેખા ઐસા હોગા હમ ક્યા કરે? સમજમેં આયા? પર્યાય ક્રમબદ્ધ હોગી, ભગવાનને દેખા ઐસા હોગા, તો હમ ક્યા કર સકતે હૈં? યે પ્રશ્ન હમારે ૭૨કી સાલમેં ઊઠા થા. સંવત ૧૯૭૨. કિતને વર્ષ હુએ? ૬૩ વર્ષ. ૬૦ ઔર ૩ વર્ષ પહલે. ઉસમેં થે ન? સંપ્રદાયમેં થે ન પહલે? વો પ્રશ્ન ૭૨કી સાલમેં ઉઠા થા. બડા પ્રશ્ન ચલા. દો વર્ષ હમ નહીં બોલે. ૭૦મેં દીક્ષા ઔર ૭૨મેં યે બાત ચલી. દો વર્ષકી દીક્ષા થી. ઉસ સમય યે કહતે થે કિ કેવળીને દેખા ઐસા હોગા, અપને ક્યા કરે? તો કહા, સુનો! કેવળીને દેખા ઐસા હોગા, તો કેવળજ્ઞાની ઈસ જગતમેં હૈં.... જ્ઞાનકી એક પર્યાય તીન કાલ તીન લોક જાનતી હૈ—ઐસી એક સમયકી પર્યાય જગતમેં હૈ—સત્તા હૈ, ઉસકા સ્વીકાર હૈ? સમજમેં આયા?

શેઠ! ઝીણી વાત છે. તમારા પૈસા-પૈસામાં આ વાત છે નહીં ક્યાંય. આહાહા! ૬૩ વર્ષ પહલે. છોટી ઉમ્ર થી. ચર્ચા ચલી થી હમારે સંપ્રદાયમેં. હમારે ગુરુભાઈ બહોત કહતે થે, ક્યા કરે ભૈયા? ભગવાનને દેખા ઐસા હોગા, હમ ક્યા પુરૂષાર્થ કરે? (મૈંને કહા), સુનો! ભગવાનને દેખા ઐસા હોગા, તો ભગવાન હૈં ઐસા પહેલા નિર્ણય હૈ (તુમકો)? પીછે, દેખા ઐસા હોગા. યે તો બાદમેં. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જગતમેં હૈં, જિસકી જ્ઞાનકી એક પર્યાયમેં તીન કાલ તીન લોકકો (કુછ) કિયે બિના અપની પર્યાયમેં જાનતે હૈ—ઐસી જગતમેં સત્તા હૈ, જગતમેં ઐસી (સત્તા હૈ કિ) જ્ઞાનકી એક પર્યાયમેં તીન કાલ તીન લોક દેખે. અરે ! અપને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રિકાલ દેખે, અપની તીન કાલકી પર્યાય ઔર ઉસમેં દૂસરેકી અનંતી તીન કાલકી પર્યાય ઔર છહ દ્રવ્ય—સબ (દેખે). આહાહા! એક સમયકી જ્ઞાનપર્યાયમેં ઐસા દિખે, ઐસી જ્ઞાનપર્યાયકી જગતમેં સત્તા હૈ? દેખા ઐસા હોગા વો (બાદકી) બાત હૈ. સમજમેં આયા?

બહુત છોટી ઉમ્રકી બાત હૈ. આહાહા! ૨૫ વર્ષકી ઉમ્ર થી. અભી તો ૯૦ (વર્ષ) હુએ. ૨૫ વર્ષકી ઉમ્રમેં–જુવાન અવસ્થામેં યહ બાત બહુત ચલી થી. સંપ્રદાયમેં હમારે ગુરુ થે, બહોત શાંત થે. સંપ્રદાયમેં થે શાંત.. શાંત.. કષાય મંદ. એકદમ વિરોધ ન કરે. પહલે તો હમ બાત કહે વો સુને ....... ભગવાનને દેખા (ઐસા હોગા), પર ભગવાન જગતમેં હૈં ઐસી સત્તાકા સ્વીકાર કબ હોગા? કિ કેવલજ્ઞાનકી પર્યાય દૂસરેમેં હૈ ઔર જગતમેં હૈ—ઐસા સ્વીકાર અપની પર્યાયમેં કબ હોગા? કે અપની પર્યાય..., જહાં સર્વજ્ઞસ્વભાવ અંદર પડા હૈ ઉસ પર નજર જાયેગી, તબ કેવલજ્ઞાનકી પર્યાયકી સત્તાકા સ્વીકાર યથાર્થ હોતા હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! યે અધિકાર ક્યોં લિયા? આહાહા! સમજમેં આયા? પ્રભુ! તારી વાત તો અલૌકિક છે, પણ સમજમાં.... આહાહા!

ભગવાન પરમાત્મા અનંત સિદ્ધ હૈં ઔર મહાવિદેહક્ષેત્રમેં સંખ્યાતા કેવળી હૈં ઔર ૨૦ તીર્થંકર હૈં. આહાહા! સબ કેવળજ્ઞાની પરમાત્માને દેખા ઐસા હોગા. ઐસે અનંત સિદ્ધ, કેવલી ઔર તીર્થંકર કેવલી એક સમયકે કેવલજ્ઞાનમેં તીન કાલ તીન લોકકો દેખેં ઐસા હોગા, આગે-પીછે નહીં. ઐસા 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'મેં આતા હૈ. સ્વામિકાર્તિકમેં ૩૨૧-૨૨ ગાથામેં. ભગવાનને દેખા ઐસા હોગા, ઈસકે સિવા કભી આગે-પીછે નહીં હોગા ઐસા સમકિતી માનતા હૈ. ઉસસે વિરુદ્ધ માને વહ મિથ્યાદ્રષ્ટિ હૈ.—ઐસા લિખા હૈ. આહાહા! ઐસે ઐસે હમ સામાયિક કર લે, પોષા કર લે, મંદિર બના દે—ઉસસે ધર્મ-બર્મ કોઈ હૈ નહીં. આહાહા! લાખો-કરોડો રૂપિયા ખરચે ઉસમેં ધર્મ હૈ, લાખો મંદિર બના લે તો ધર્મ હૈ—ઐસી બાત હૈ નહીં. વો તો જગતકી ચીજ હૈ. ઉસકે કારણસે બનનેવાલી હૈ તો બનતી હૈ. વહ અભી આયેગા. ઉસકા કર્તા આત્મા હૈ નહીં. આત્મા ઉસકા કર્તા નહીં, પણ ઉસકા—મંદિર (બનાનેકા), પૂજાકા ભાવ આયા, તો યે શુભભાવ હૈ, વો કોઈ ધર્મ નહીં. આતા હૈ, પણ વો ધર્મ નહીં, પુણ્ય હૈ. સમજમેં આયા?

આતા હૈ. શુભભાવ ધર્મી–સમકિતી, મુનિકો ભી આતા હૈ, પણ વે જાનતે હૈં કિ યે રાગ હૈ, હેય હૈ. યે મેરી ચીજ નહીં. રાગ હૈ વહ દુઃખરૂપ હૈ અને ભગવાન (આત્મા) અતીન્દ્રિય આનંદમય હૈ.—ઉસકા જબ નિર્ણય આતા હૈ.... પર્યાયમેં આનંદ કબ આતા હૈ? ભગવાનકો જ્ઞાનકી પર્યાયકે સાથમેં આનંદ હૈ. પર્યાયમેં નિર્ણય કરે તો આનંદકા સ્વાદ આના ચાહિયે. કૈસે આતા હૈ? આહાહા! (જબ) યે પર્યાયકા લક્ષ દ્રવ્ય પર જાતા હૈ. ક્યોંકિ પર્યાયમેં પર્યાયકા નિર્ણય પર્યાયકે આશ્રયસે નહીં હોતા. કેવલીકા નિર્ણય ભી પર્યાયકે આશ્રયસે નહીં હોતા ઔર અપની પર્યાયકા નિર્ણય ભી અપની પર્યાયકે આશ્રયસે પર્યાયકા નહીં હોતા. પંડિતજી! આહાહા! ઝીણી વાત છે ભગવાન! એવી વાત અલૌકિક છે.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર કહતે હૈં, સુન તો સહી પ્રભુ! તેરી પર્યાયમેં 'હમ કેવળજ્ઞાની હૈં' ઐસા નિર્ણય આયા હૈ? કબ નિર્ણય આયેગા? પર્યાયકે લક્ષસે આયેગા? હમારે લક્ષસે આયેગા? પર્યાય તો એક સમયકી હૈ, ઉસકે આશ્રયસે ઉસકા નિર્ણય કૈસે હો? યે તો પલટતી અવસ્થા હૈ. હૈ ક્રમબદ્ધ, પણ પલટતી–બદલતી અવસ્થા હૈ, ઉસકે આશ્રયસે નિર્ણય કૈસે હો? ઉસકા અર્થ હૈ, યે યહાં કહતે હૈં. અકર્તાપના, ક્રમબદ્ધકા નિર્ણય કરતા હૈ ઉસકો અકર્તાપનેકી બુદ્ધિ હોતી હૈ. અકર્તાપનેકી બુદ્ધિ, વો નાસ્તિસે બાત કી હૈ. અસ્તિસે કહો તો જ્ઞાતા-દ્રષ્ટાકી બુદ્ધિ હોતી હૈ. આહાહા! સમજમેં આયા?

યહ ગાથા જરી સમજને જૈસી હૈ. નિર્જરા અધિકાર ચલતા થા, પણ યે શિક્ષણ શિબિર હૈ તો થોડા ઝીણી ચીજ તો સમજે. આહાહા! ઝીણી વાત છે ભાઈ! મુદ્દાની રકમ આ છે, મુદ્દાકી રકમ હૈ. કે આ ભગવાન આત્મા..... સર્વજ્ઞ પરમેશ્વર જગતમેં હૈં ઐસા નિર્ણય પરકે લક્ષસે નહીં હોતા, પર્યાયકે લક્ષસે નહીં હોતા. મેરા ત્રિકાલી સર્વજ્ઞસ્વભાવ હૈ... સર્વજ્ઞશક્તિ હૈ ન? સર્વજ્ઞશક્તિ–ગુણ હૈ તો ગુણકે કારણસે દ્રષ્ટિ ઉત્પન્ન હોતી હૈ, ઉસસે નિર્ણય હોતા હૈ કિ મેરા સર્વજ્ઞસ્વભાવ હૈ ઔર સર્વજ્ઞસ્વભાવમેંસે સર્વજ્ઞકી પર્યાય જગતમેં પ્રગટ હોતી હૈ. તો યે સર્વજ્ઞ(પને)કા નિર્ણય હો, યે તો સમ્યગ્દર્શન હુઆ. મૈં તો સર્વજ્ઞસ્વરૂપ હી હૂં. આહાહા! મૈં પુણ્ય-પાપકા વિકલ્પ નહીં ઔર એક સમયકી પર્યાય જિતના ભી મૈં નહીં. આહાહા! મૈં તો સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ (હૂં). એ જ્ઞાન-જ્ઞાયકસ્વરૂપ એમ કહા—છટ્ઠી ગાથામેં ઐસા કહા. જ્ઞાયક કહા. **ण वि होदि अपम्मत्तो ण पम्मत्तो...** જ્ઞાયક.. જ્ઞાયક કહો કે સર્વજ્ઞસ્વભાવ કહો. યે જ્ઞાયકભાવ કહા હૈ. ભગવાન આત્મા ભાવવાન હૈ અને જ્ઞાયક ઉસકા ભાવ હૈ. આહાહા! સમજમેં આયા?

યે જ્ઞાયકભાવ જગતમેં હૈ, મેરેમેં અસ્તિત્વ હૈ–સત્તા હૈ, પૂર્ણ પ્રભુ મૈં હૂં. આહાહા! મેરેમેં ઐસા એક ગુણ નહીં, પણ ઐસે અનંત ગુણ પરિપૂર્ણ હૈં. પણ અનંત ગુણકી દ્રષ્ટિ નહીં (કરના). ક્યોંકિ ગુણ-ગુણીકા ભેદકા લક્ષ કરનેસે તો રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા! ગુણ-ગુણીકે ભેદકા વિચાર–નિર્ણય ભી નહીં (કરના). આહાહા! ડાહ્યાભાઈ! ઝીણી વાત છે પ્રભુ! આહાહા! મૈં એક

જ્ઞાનસે તો પરિપૂર્ણ હૂં, આનંદસે પરિપૂર્ણ હૂં, ઈશ્વરતાસે પરિપૂર્ણ હૂં, કર્તાપનેકે સ્વભાવસે પરિપૂર્ણ ભી હૂં, વસ્તુ પરિપૂર્ણ હૂં—ઐસે અનંત ગુણસે મૈં પરિપૂર્ણ હૂં. યે પરિપૂર્ણ વસ્તુ દ્રવ્ય હૈ વહ એકરૂપ હૈ. (એકરૂપ વસ્તુમેં) ગુણ-ગુણી ભેદ નહીં હૈં. આહાહા! દ્રવ્યકા જબ લક્ષ, દ્રષ્ટિ હોતી હૈ, તબ જગતમેં સર્વજ્ઞ હૈં અને ઉન્હોંને દેખા ઐસા હોગા—ઐસા સચ્ચા નિર્ણય સમકિતીકો હોતા હૈ. આહાહા! ભૈયા! સૂક્ષ્મ બાત હૈ ભાઈ! યે તો વીતરાગમાર્ગ હૈ ભાઈ!

પરમાત્માના વિરહ પડ્યા, પરમાત્મા તો ત્યાં રહી ગયા. આહાહા! સીમંધર પ્રભુ મહાવિદેહમેં બિરાજતે હૈં. ૫૦૦ ધનુષ(કા દેહ) હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. મહાવિદેહમેં કુંદકુંદાચાર્ય ગયે થે, ઉસ (બાત)કો તો દો હજાર વર્ષ હુએ. (પરમાત્મા) તો વહાં અબજો વર્ષસે હૈં ઔર અભી અબજો વર્ષ રહનેવાલે હૈં. કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમેં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાતે હૈં. એક પૂર્વમેં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાતે હૈં. આહાહા! ઐસી બાત હૈ ભગવાન! ઐસા કરોડ પૂર્વકા પ્રભુકા આયુષ્ય હૈ. શ્વેતામ્બરમાં બીજી વાત છે. શ્વેતામ્બર ૮૪ લાખ પૂર્વ કહતે હૈં. વો તો કલ્પિત બાત હૈ. યે તો સંતો અનાદિસે કહતે આયે હૈં યે બાત હૈ. દિગંબર મુનિઓ કેવળીના કેડાયતો... આહાહા!

**जीव क्रमबद्ध**... આમ તો ગુણ સહવર્તી છે ને પર્યાય ક્રમવર્તી છે—ઐસા પાઠ હૈ ન ? ક્રમવર્તીમેં યે (ક્રમ)બદ્ધ ન આયા. ઈસલિયે યહાં પાઠમેં ઐસા લિયા હૈ, દેખો ! 'ક્રમનિયમિત' શબ્દ પડા હૈ. ક્રમસે, પણ નિશ્ચયસે જો પર્યાય (હોનેવાલી) હોગી વહી હોગી. ક્રમ-નિયમિત. અકેલા ક્રમ નહીં. બડી ચર્ચિત હૈ. કોઈપણ જયસેન આચાર્યકી ટીકામેં ઐસા લિખા હૈ કિ કોઈ એક ભાવ ભી યથાર્થ સમજમેં આયે, તો સબ ભાવ સમજમેં આ જાતે હૈં. ઐસા પાઠ હૈ જયસેનાચાર્યકી ટીકામેં. યે અધિકાર મોક્ષ અધિકારકી ચૂલિકા હૈ. આહાહા! મોક્ષ કૈસે હોતા હૈ ઔર મોક્ષ હોનેસે પહલે સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ? સમ્યગ્દર્શન યે મોક્ષકા માર્ગ હૈ. મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન હૈ ઔર સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ?

ક્રમબદ્ધપર્યાયમેં.. અપની પર્યાય ક્રમબદ્ધ હૈ તો આગે-પીછે તો કર સકતે નહીં. પરકા તો કર સકતે નહીં. અપને આત્મા સિવા કોઈ પરમાણુ, કોઈ આત્મા સ્ત્રીકા, પુત્રકા (હો, ઉસકા) કુછ કર સકે (ઐસા) તીન કાલમેં નહીં હૈ. મેરી સ્ત્રી હૈ અને મેરા લડકા હૈ—ઐસા માનના હી મિથ્યા(જ્ઞાન)–ભ્રમ–અજ્ઞાન હૈ. આહાહા! યે આત્મા ભિન્ન હૈ, શરીર રજકણ ભિન્ન હૈ. ઉસમેં તેરા કહાંસે આ ગયા ? આહાહા! લક્ષ્મી મેરી હૈ (ઐસા માનતા હૈ). લક્ષ્મી તો જડ હૈ, ધૂળ હૈ, અજીવ ધૂળ–માટી હૈ. યે અજીવ તેરે જીવકા કહાંસે આ ગયા? યહાં તો ઈસસે આગે જાકર, પુણ્યકા પરિણામ ભી મેરા હૈ યે માન્યતા મિથ્યાદ્રષ્ટિકી હૈ. ક્યોંકિ યહાં ક્રમબદ્ધમેં તો પુણ્ય-પાપકે પરિણામસે ભિન્ન અપને સર્વજ્ઞસ્વભાવકા નિર્ણય કરતા હૈ, તો પુણ્ય-પાપકા ભી અકર્તા હો જાતા હૈ.

મૈં તો સર્વજ્ઞસ્વભાવી જ્ઞાયક હૂં, તો જ્ઞાયકભાવ રાગકો કરે? (ન કરે). ક્યોંકિ આત્મામેં અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા ગુણ હૈં. (ઉસકે) ગુણકા પાર નહીં હૈ. આકાશકે પ્રદેશ હૈં.... માપ બિનાકા અલોક.. અલોક.. અલોક હૈ. ઉસકે પ્રદેશ(કી સંખ્યા)સે અનંત ગુને એક જીવમેં ગુણ હૈં. અનંત ગુણમેં કોઈ ગુણ ઐસા નહીં કે વિકાર કરે. ક્યા કહા યે ? અનંતા.. અનંતા ગુણ હૈં, ઉસમેં વિકાર કરે ઐસા કોઈ ગુણ નહીં હૈ. પર્યાયમેં વિકાર કૈસે હોતા હૈ? કે પરકે લક્ષસે, પરકે વશસે વિકાર હોતા હૈ. અપના દ્રવ્ય ને ગુણમેં વિકાર હોનેકી તાકાત હૈ નહીં. આહાહા! દયા-દાનકે પરિણામ કરનેકી ભી અપને ગુણકી તાકાત નહીં. ગુણ તો નિર્મળ હૈ. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા ગુણ હૈં ઉસમેં, વિકાર કરે ઐસા એક ભી ગુણ હૈ નહીં. આહાહા! તો યહાં કહતે હૈં કિ.... મુખ્ય વાત યહ કહના હૈ કિ.... આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. **तावत्**... હમારી મુદ્દાકી બાત યે હૈ કિ.... સમજમેં આયા?

**क्रमबद्ध ऐसे अपने परिणामोंसे**... અપના પરિણામ ક્રમબદ્ધ હોતા હૈ. આહાહા! આગે-પીછે નહીં. વો ચર્ચા બહોત ચલી થી વર્ણીજીકે સાથ. વો કહતે થે કિ ભલે પરિણામ ક્રમબદ્ધ હો (અર્થાત્) એક પીછે એક હોતા હૈ, પણ ઈસકે પીછે યહી હો.. ઈસકે પીછે યહી હો—ઐસા નહીં હૈ. યહાં ઐસા નહીં હૈ. જો (પરિણામ) હોનેવાલા યે હી હોગા. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! આ તો પરમાત્માના પેટની વાત છે. આહાહા! અરે! ઈસને કભી નિર્ણય કિયા નહીં. સ્વસન્મુખ (ઔર) પરસે વિમુખ. નિમિત્તસે, રાગસે અને પર્યાયસે ભી વિમુખ ઔર અપને ત્રિકાલી સ્વભાવકે સન્મુખ હોકર નિર્ણય કરતા હૈ તબ ક્રમબદ્ધકા સચ્ચા નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? આહાહા! આકરી વાત બહુ. અભ્યાસ ન મળે, લોકોને નવરાશ ન મળે, આખો દિ' ધંધા પાપના. દુકાન, બાયડી, છોકરામાં રોકાય, પાપ.. પાપ.. પાપ. ધર્મ તો નહીં, પણ પુણ્યકા ભી ઠિકાના નહીં. આહાહા! ચાર કલાક શાસ્ત્ર વાંચન કરના અને સત્ય માટે સત્સમાગમ મિલના કઠણ. ઐસા (અજ્ઞાની) મિલે (ઔર) ઊંધા અર્થ સમજાવે તો મિથ્યાત્વ પોષણ હોતા હૈ. આહાહા! સમજમેં આયા? ઉસમેં ધર્મ.. ધર્મ તો અલૌકિક ચીજ હૈ. હજી ચોબીસ કલાકમેંસે પુણ્યકા–શુભભાવકા ચાર કલાક (નિકાલના) યે ભી ટાઈમ નહીં.. સમજમેં આયા? ઉસમેં યે ધર્મ.... આહાહા!

મેરી ચીજ અનંત ગુણસે પરિપૂર્ણ ભરી હૈ ઉસકા જિસે નિર્ણય હો, ઉસકો ક્રમબદ્ધકા નિર્ણય હોતા હૈ. ઉસકો કેવળજ્ઞાનીને દેખા ઐસા હોગા ઐસા ઉસકો નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? યે ૭૨કી સાલમેં બડી ચર્ચા હુઈ થી. મૈંને તો યહ કહા થા કિ દેખો! ગજસુકુમાર.... ઐસી બાત સુની હૈ કિ નહીં? ગજસુકુમાર શ્રીકૃષ્ણકા ભાઈ..... યે ૭૨કી બાત હૈ. ફાગણ માસ.. ફાગણ માસ. ગજસુકુમાર... ગજ નામ હાથીના તાળવા હોય એવું સુંવાળું શરીર હતું. ગજ-સુકુમાર. શ્રીકૃષ્ણકે ભાઈ. નેમિનાથ ભગવાન દ્વારિકામેં આયે થે, તબ હાથી હોદ્દે પર શ્રીકૃષ્ણકે

સાથ દર્શન કરને જાતે થે. દર્શન કરને જાતે થે તબ ગજસુકુમાર ગોદમેં બૈઠે થે. જુવાન અવસ્થા. તો ઉસમેં એક સોનીકી લડકી થી બહુત રૂપાળી થી. સોની.. સોની.. સોનાને દડે રમતી હતી. ત્યાં દેખી તો શ્રીકૃષ્ણને કહા, આ કન્યાને અંતેપુરમાં લઈ જાઓ. યે કન્યાકા ગજસુકુમારકે સાથ લગન કરાયેંગે. ગજસુકુમાર બૈઠે થે ગોદમેં. વે બાત સુનતે થે. કન્યાકો અંતેપુરમાં લે ગયે. આ બેય ભગવાન પાસે ગયા. ભગવાનકે પાસ સુના અને ઉસી વક્ત ગજસુકુમાર કહતે હૈં, પ્રભો ! આપકી આજ્ઞા હો તો મૈં તો મુનિપના લેના ચાહતા હૂં. આહાહા

હજી એના ભાઈ કન્યાને ત્યાં ગોઠવે છે એ ખબર છે. પ્રભુ! આપની આજ્ઞા હો.... ભગવાન ક્યાં આજ્ઞા આપે? વે તો ઓમ બોલતે હૈં, વાણી તો હૈ નહીં. પણ જેને વિનય કરવાનો ભાવ હોય તો એમ બોલેને. પ્રભુ! આપકી આજ્ઞા હો તો મૈં મુનિપણા લેના ચાહતા હૂં. આહાહા! એ ઘરે ગયા ત્યારે એની મા પાસે..... આ લગનની વાતું.... આહાહા! માતા! મૈં મેરા સ્વરૂપ સાધન કરનેકો સાધકપને સાધુ (હોના ચાહતા હૂં). માતા! રજા દે. મા! માતા રોવા લાગી. માતા! જનેતા! તુજે રોના હો તો રો લે, ફિર માતા નહીં કરૂંગા, દૂસરી માતા અબ નહીં કરૂંગા. હવે દૂસરા પેટ...... મૈં તો મોક્ષ જાઉંગા. રજા દે મા! મૈં ઈસ ભવમેં મોક્ષ જાઉંગા. આહાહા! ભગવાનકો પૂછે બિના છદ્મસ્થકો ઈતના નિર્ણય હો ગયા. અરે! ભગવાન આત્મામેં ઈતની તાકાત હૈ. વહાં ગયે ને દીક્ષિત હુએ. દીક્ષિત હુએ.... તો કીધું, .......... ભગવાનને દેખા ઐસા હોગા?

ઐસે એક ક્ષણમેં મુનિ હો ગયે ઔર મુનિ હુએ પીછે ભગવાનકે પાસ આજ્ઞા લી. પ્રભુ! મૈં તો દ્વારિકાકે સ્મશાનમેં બારહવી પડિમા લેકર ખડા (રહના ચાહતા હૂં). દિગંબરમેં બહુત પડિમા નહીં હૈ. સામાયિકમેં બારહ પડિમા આતી હૈ. શ્રાવકકો ૧૧ પડિમા હૈ, મુનિકો ૧૨ પડિમા હૈ. આતા હૈ. અપના પાઠ હૈ સામાયિકમેં ઉસમેં સબ કુછ હૈ. ૧૨ પડિમા હૈ સાધુકી. ૧૨વીં આખિરકી પડિમા બહોત જવાબદારીવાલી હૈ. પ્રભુ! આપકી આજ્ઞા હો તો દ્વારિકાકે સ્મશાનમેં જાકર બારહવીં પડિમા લે લું ઔર ધ્યાનમેં બૈઠું. આહાહા! ઈતના પુરુષાર્થ! અને ધ્યાનમેં બૈઠે થે વહાં વો સોમલ કન્યાકા પિતા આયા. અરેરે! કન્યા અંતેપુરમેં ગઈ અને રાજકુમાર દીક્ષા (લે)? તો કન્યા રહેશે ક્યાં? ઉસકો (દ્વેષ) હો ગયા. સ્મશાનમેં અગ્નિ થી ન. રાખ લેકર પાણી નાખીને પાળ બાંધી અને અગ્નિ નાખી એમાં. અંદરમેં ઉતર ગયે. આહાહા! ઔર કેવળજ્ઞાન પ્રાપ્ત કિયા. કીધું, યે વાણી ભગવાનકી કૈસી હો કિ ઉન્હોંને મુનિપના લે લિયા ઔર મુનિપના લેકર સંસારસે ચલે ગયે. ગજસુકુમાર.. હાથીના તાળવા હોતા હૈ ઐસા (સુકોમલ) શરીર(વાલે) ગજસુકુમાર. અગ્નિ..... દેહ છૂટ ગયા ઔર અંતરમેં ઉતરકર કેવળજ્ઞાન હો ગયા. આ વસ્તુ ભગવાનકી વાણીમેં કૈસે આયી કિ પુરુષાર્થ કરકે મુનિપના (લે લિયા)?

૭૨કી સાલ. ભગવાનને દેખા ઐસા હોગા... દેખા ઐસા હોગા—એમ કરીને એકકોર બેસી રહે ત્યાં? આહાહા! ભગવાનને દેખા ઐસા હોગા, તો મૈંને ભી દેખા ઐસા હોગા. મેરે જ્ઞાનમેં ભી જબ હોતા હૈ ઉસે દેખનેવાલા મૈં હૂં. આહાહા! વો પર્યાયકી દ્રષ્ટિ છૂટકર, પરકા લક્ષ છૂટકર જબ અંતરમેં જાતે હૈં તો અપને ક્રમબદ્ધ પરિણામકા નિર્ણય હોતા હૈ. યે પહલી લીટીકા અર્થ હૈ. લીટી સમજે ન?

**प्रथम तो जीव क्रमबद्ध ऐसे**.... ક્રમસર... આગે-પીછેકી બાત નહીં. હુકમચંદજીકા લેખ હૈ ન? ક્રમબદ્ધકા બહોત આતા હૈ. હમ તો પહલે બહોત પુરૂષાર્થ કરતે થે. .......... ક્રમબદ્ધકા લેખ આતા હૈ ન. હુકમચંદજી. આત્મધર્મમેં બહોત આતા હૈ. આહાહા! ઉસમેં તો લોગ ઐસા કહતે હૈં કિ ક્રમબદ્ધ હોગા, તો પીછે અપનેકો કરના ક્યા? યે તો (જો હોનેવાલા હૈ) વો હોગા. ક્રમબદ્ધકા નિર્ણય કરનેમેં આત્માકા પુરુષાર્થ સ્વસન્મુખ હોતા હૈ, યે પુરુષાર્થ હૈ. ભગવાન! તુજે પુરુષાર્થકી ગતિકી ખબર નહીં. આહાહા! તેરી પર્યાય જબ જૈસી હોનેવાલી હોગી, હમ ફેર સકતે નહીં ઔર પરસે હોતી નહીં—ઐસા જબ નિર્ણય કરને જાતે હૈં, પ્રભુ! તો પ્રભુતા ઉપર તેરી નજર જાયેગી અંદર. આહાહા! પ્રભુતાસે ભરા પડા મૈં પ્રભુ હૂં, ભગવત્ સ્વરૂપ હૂં, ભગવત્ સ્વરૂપ ન હો તો ભગવત્ સ્વરૂપકી પર્યાય કહાંસે આયેગી? સમજમેં આયા? કેવળજ્ઞાનકી પર્યાય જો આતી હૈ ભગવત્ સ્વરૂપ અનંત ચતુષ્ટય પ્રગટ હોતા હૈ વો કહાંસે આયા? બહારસે આતા હૈ? આહાહા! અંદરમેં પડા હૈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સત્તા, અનંત સુખાદિ અંદર પડે હૈં. આહાહા! ઉસકી જબ એકાગ્રતા હોતી હૈ ઔર ઉસ ઓર નજર જાતી હૈ, તબ અનંત ગુણકા એક અંશ સમ્યગ્દર્શનમેં પ્રગટ હોતા હૈ.

'સર્વ ગુણાંશે સમકિત.' શ્રીમદ્ કા વચન હૈ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં ભી યે હૈ. એકદેશ જ્ઞાનાદિકા પ્રગટ હોના વહ ચોથા ગુણસ્થાન હૈ અને સર્વદેશ પ્રગટ હોના વહ કેવળીકો હૈ. ટોડરમલ. ક્યા કહતે હૈં? આત્મામેં જો અનંત.. અનંત.. અનંત.. અનંત—જિસકા અંત ન હો ઈતની સંખ્યામેં ગુણ હૈં, જબ અપને સ્વભાવ સન્મુખ હુઆ તો જિતની સંખ્યા હૈ ઉન સબકા એક અંશ વ્યક્ત નામ પ્રગટ પર્યાયમેં આતા હૈ. સમ્યગ્દર્શન હોતે હી સર્વ ગુણાંશે સમકિત—જિતને ગુણ હૈં ઈતને વ્યક્ત અંશ, અલ્પ અંશ વ્યક્ત– પ્રગટ હોતે હૈં. અકેલા સમ્યગ્દર્શન હી નહીં. આહાહા! સમજમેં આયા? અકેલા સમ્યગ્દર્શન ક્યોં ? ખરેખર તો '**भूदत्थो**'મેં ઐસે કહતે હૈં કિ શ્રદ્ધાકો આત્મામેં લે જાઓ. પણ અકેલી શ્રદ્ધા આત્મામેં આતી નહીં, શ્રદ્ધાકી મુખ્યતાસે બાત કી હૈ. સમજમેં આયા? અનંત ગુણકી પર્યાય ઈસ ઓર ઝુક જાતી હૈ.

યહ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં હૈ. સમજાણું? સબ ગુણકી પર્યાય ઈસ ઓર ઢલ જાતી હૈ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં હૈ. અનંત.. અનંત ગુણકી પર્યાય જો હૈ, આહાહા! ઈસ ઓર ઝુક જાતી હૈ. ઈસ ઓર ઝુક જાતી હૈ તો જિતને અનંત ગુણ હૈં ઈતનેકા એક અંશ વ્યક્ત હો જાતા હૈ.

આનંદકા અંશ, શ્રદ્ધાકા અંશ, શ્રદ્ધાનો અંશ એટલે સમકિત, ચારિત્રકા અંશ વો સ્વરૂપાચરણ, પ્રભુતા, ઈશ્વરતા, વીર્યકા અંશ. અનંત.. અનંત ગુણકી પર્યાયકી રચના કરનેવાલા વીર્યકા અંશ પ્રગટ હોતા હૈ. આહાહા! આવો માર્ગ છે. માર્ગ સમજે બિના એમને એમ કરો વ્રત, કરો ભક્તિ ને કરો પૂજા. વો શુભભાવ હૈ. બાપુ! યે તો સંસાર હૈ. આહાહા! આતા હૈ, અશુભસે બચનેકો જ્ઞાનીકો ભી આતા હૈ. ઐસા પાઠ હૈ 'અશુભ વંચનાર્થ'. અસ્થાનસે બચનેકો આતા હૈ, પણ હૈ બંધકા કારણ.

ભગવાનસ્વરૂપ આત્મા.... **क्रमबद्ध ऐसे अपने परिणामोंसे उत्पन्न होता हुआ जीव ही है**.... ક્રમમેં પરિણામ ઉત્પન્ન હોગા યે જીવ હી હૈ. આહાહા! ક્રમબદ્ધમેં સ્વકે આશ્રયસે જીવકા જો (પરિણામ) ઉત્પન્ન હુઆ યે જીવ હૈ, યે અજીવ નહીં, અજીવસે ઉત્પન્ન હુઆ નહીં, યે પરિણામકી ઉત્પત્તિમેં પરકી અપેક્ષા હૈ નહીં. આહાહા! આવો માર્ગ છે. **जीव ही है**... ભાષા હૈ ન? **ही है**... સંસ્કૃતમેં હૈ, **जीव एव**... **जीव एव**... પરિણામકો **जीव एव** કહા. આહાહા! ક્યા કહા? અપને ભગવાન આત્મામેં સમય-સમયમેં જો ક્રમબદ્ધ પરિણામ ઉત્પન્ન હોતા હૈ, ઐસા નિર્ણય અપને જ્ઞાયક દ્રવ્ય ઉપર (દ્રષ્ટિ કરને)સે હુઆ, તો જો પરિણામ ઉત્પન્ન હુઆ વો અનંત પરિણામ વ્યક્ત હુઆ. યે પરિણામ જીવ હી હૈ. નહીં તો હૈ તો પર્યાય. **जीव ही है** એમ કહા. હૈ સંસ્કૃતમેં? **जीव एव**... યે પરિણામકો હમ જીવ કહતે હૈં. પણ યે પરિણામ ક્યા હૈ? દ્રવ્યસ્વભાવકે સન્મુખ હોકર નિર્મળ પરિણામ હોતા હૈ ઉસ પરિણામકો યહાં જીવ કહા હૈ. સમજમેં આયા?

રાગાદિ હોતા હૈ, પણ રાગકા જ્ઞાન કરતે હૈં. આહાહા! આવી ઝીણી વાત હોય (તો) પકડાય નહીં, પછી માણસ (કહે), એકાંત હૈ.. એકાંત હૈ.. સોનગઢ એમ કહતે હૈં.—(ઐસા) પોકાર કરતે હૈ. કરો ભાઈ! ભગવાન! તેરી ચીજ તો ઐસી હૈ. પ્રિયંકરજી! આહાહા! **जीव ही है**... અપના પરિણમન ઉત્પન્ન હુઆ, જીવદ્રવ્યકે આશ્રયસે જો પરિણામ ક્રમબદ્ધ ઉત્પન્ન હુઆ (વહ) જીવ હી હૈ, દ્રવ્યકા પરિણામ દ્રવ્ય હી હૈ. આહાહા! સમજમેં આયા? આહા! ઔર **अजीव नहीं**... નાસ્તિસે કહા, યે અનેકાંત. અનેકાંત યે નહીં કિ અપના પરિણામ અપનેસે ભી હૈ ઔર પરસે ભી હૈ. યે અનેકાંત નહીં, યે તો એકાંત મિથ્યાત્વ હૈ. આહાહા! સમજમેં આયા?

અપના પરિણામ અપનેસે ભી હૈ ઔર પરસે ભી હૈ, યે અનેકાંત હૈ ઐસા કહતે હૈં લોગ. ઐસા હૈ નહીં. અપના પરિણામ અપનેસે હી હૈ, અજીવ નહીં. કર્મસે નહીં હુઆ, કર્મકા ક્ષયોપશમ હુઆ તો જીવકા પરિણામ જીવકે આશ્રયસે હુઆ—ઐસા હૈ નહીં. કર્મકા ક્ષયોપશમ હુઆ તો યે પરિણામ હુઆ ઐસી બાત હૈ નહીં. અપને પરિણામમેં કર્મકે ક્ષયોપશમકી અપેક્ષા હૈ નહીં. આહાહા! આવો માર્ગ હવે સાંભળવો કઠણ પડે. આહાહા! આ તો વીતરાગદેવ ત્રિલોકનાથ અને તે પણ દિગંબર ધર્મમાં આવી વાત છે. શ્વેતામ્બરમેં યહ બાત ચલતી નહીં.

સ્થાનકવાસી, શ્વેતામ્બરમેં ઐસી (બાત) હૈ નહીં. ‘મોક્ષમાર્ગ પ્રકાશક’મેં તો શ્વેતામ્બર, સ્થાનકવાસીકો અન્ય મતમેં ડાલા હૈ, અન્યમતમેં. યે પક્ષ(કી બાત) નહીં, પ્રભુ! યે વસ્તુકા સ્વરૂપ હૈ. યે ચીજ તો... આહાહા!

ભગવાન આત્મા અનંત ગુણકા પિંડ જો હૈ (ઐસે) જબ પર્યાય ક્રમબદ્ધકા નિર્ણય કરને જાતી હૈ અપના સ્વભાવ સન્મુખ હોકર જો પરિણામ ઉત્પન્ન હુઆ યે પરિણામ જીવ હી હૈ. જીવના પરિણામ જીવ જ છે, અજીવના પરિણામ અજીવ જ છે. ઐસા કહકર ક્યા કહા ? અંદર કર્મકા ઉદય આયા, યે (કર્મ) મંદ પડ ગયા ઔર પીછે હટ ગયા (ઔર) સમ્યગ્દર્શનકી પર્યાય ઉત્પન્ન હુઈ—ઐસા હૈ નહીં. અપની સમ્યગ્દર્શનકી પર્યાય હોનેમેં કર્મકા ક્ષયોપશમ હૈ તો હુઆ—ઐસી અપેક્ષા હૈ નહીં. સમજમેં આયા? આહાહા! અરે! ક્યારે નિર્ણય કરે? નવરાશ ન મળે, ધંધા આડે નવરાશ નહીં. હમ તો દુકાન પર યે વાંચતે થે. (સંવત) ૬૪-૬૫કી સાલ. ૬૪-૬૫. પિતાજી ગુજર ગયે, .... દુકાન ચલાની..... પર હમ તો નિવૃત્તિ લેતે થે. ભાગીદાર બૈઠે હો થડે પર તો હમ અંદર શાસ્ત્ર વાંચતે થે. એ ન હોય ત્યારે થડે બેસવું પડે. ૬૩ સે ૬૮. આહાહા!

**इसीप्रकार**... અનેકાંત કિયા કિ જો અપના–જીવકા પરિણામ હૈ યે જીવ હી હૈ, અજીવ નહીં અર્થાત્ અજીવસે ઉત્પન્ન હુઆ નહીં અર્થાત્ કર્મકા ક્ષયોપશમ હૈ તો જીવકા પરિણામ સમ્યગ્દર્શન હુઆ ઐસી અપેક્ષા હૈ નહીં. ક્યોંકિ.... ચર્ચા બડી હુઈ થી ઈસરીમેં. પંચાસ્તિકાયકી ૬૨ ગાથામેં ઐસા લિયા હૈ કિ આત્મામેં જો પુણ્ય-પાપકા, દયા-દાનકા, કામ-ક્રોધકા વિકાર હોતા હૈ, યે ષટ્કારકકે પરિણમનસે ઉત્પન્ન હોતા હૈ. ૬૨ ગાથા પંચાસ્તિકાય. ૧૩કી સાલ. ૨૨ વર્ષ પહલે ઇસરી ગયે થે ન? સમ્મેદશિખર જાત્રા. તબ બડી ચર્ચા હુઈ થી. વો પરિણામ જો હોતા હૈ યે અપનેસે હૈ, પરસે નહીં, કર્મસે નહીં. કર્મસે વિકાર ન હો તો સ્વભાવ હો જાય—ઐસા પ્રશ્ન કિયા સામનેવાલેને. યે સ્વભાવ હી હૈ પર્યાયકા. આ ગયા હૈ. ૭૨ ગાથા હૈ ન? ઉસમેં ભી હૈ. ખરેખર સ્વભાવ હૈ. યે પર્યાયમેં ....પર્યાય હોના યે ભી પર્યાયકા સ્વભાવ હૈ. પર્યાયકા હૈ, ગુણકા નહીં, દ્રવ્યકા નહીં. આહાહા! યે પર્યાયમેં વિકાર હોનેમેં પરકી અપેક્ષા બિલકુલ હૈ નહીં. કર્મકે કારકકી અપેક્ષા નહીં, ઐસા પાઠ હૈ. ૬૨ ગાથા. વિકાર હોનેમેં કર્મકે કારકકી અપેક્ષા નહીં. તો ફિર ધર્મકી પર્યાયમેં કોઈ પરકી અપેક્ષા હૈ—(ઐસા હૈ નહીં). આહાહા!

નિશ્ચયસે તો ઐસા હૈ કિ જબ જીવદ્રવ્યકા અવલંબન લેતા હૈ, તબ વહ પર્યાય ષટ્કારકસે પરિણમતી હૈ. સમ્યગ્દર્શનકી પર્યાય ષટ્કારકસે પરિણમતી હૈ. ઉસકા અર્થ ક્યા હૈ ? કિ પર્યાયકા કર્તા પર્યાય હૈ, પર્યાયકા કર્તા દ્રવ્ય નહીં. આહાહા! સૂક્ષ્મ હૈ થોડા. કર્તા કહના ફિર ભી પરકી અપેક્ષા નહીં. સમ્યગ્દર્શન પરિણામ (સ્વયં)કા કર્તા હૈ યે ષટ્કારકસે પરિણમિત હુઆ હૈ. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—ષટ્કારકસે સમકિતકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. પણ કર્તામેં ઉસકા લક્ષ્ય સ્વદ્રવ્ય પર જાતા હૈ. યે સ્વતંત્ર કર્તા હોકર સ્વ પર લક્ષ જાતા

હૈ. ક્યા કહા? આહાહા! એમ કે સ્વકા લક્ષ આયા તો ઈતની પરાધીનતા–અપેક્ષા હુઈ કી નહીં? કે નહીં. યે સમ્યગ્દર્શનકી પર્યાય ષટ્કારકસે ઉત્પન્ન હોતી હૈ, ઉસમેં પરકી અપેક્ષા તો નહીં, પણ દ્રવ્ય-ગુણકી ભી નહીં. સમજમેં આયા?

યે દ્રવ્ય-ગુણકી (અપેક્ષા) નહીં, પર્યાય હૈ તો (કોઈ) કર્તા તો હૈ? કિસકા કર્તા? કે અપની પર્યાયકા. અપની પર્યાયકા કર્તા હૈ યે સ્વતંત્રપને સ્વકે લક્ષમેં જાતા હૈ. સમ્યગ્દર્શન ને જ્ઞાનકી ધર્મકી પરિણતી–પર્યાય કર્તા હોકર સ્વતંત્ર હોતી હૈ ઔર કર્તા હોકર સ્વ ઉપર લક્ષ જાતા હૈ.. કર્તા હોકર સ્વ ઉપર લક્ષ જાતા હૈ. આહાહા! એમ કે સ્વકા આશ્રય કરે તો (ઈતની) પર્યાયકી પરાધીનતા હૈ—ઐસા હૈ નહીં. કહનેમેં આતા હૈ **भूदत्थं असिदो खलु समाहिती हवदि जीवो....** (સમયસાર) ૧૧મી ગાથા. હોતા હૈ, ભગવાન પૂર્ણાનંદકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? છતાં યહાં કહતે હૈં કિ આશ્રય કરનેમેં ભી યે પર્યાય સ્વતંત્ર હોકર આશ્રય કરતી હૈ. આહાહા! (સ્વ) ઉપર લક્ષ ગયા માટે પર્યાય પરાધીન હુઈ—ઐસા હૈ નહીં. આહાહા! હવે આવી વાત બેસવી કઠણ જગતને. આ ત્રણ લોકના નાથ વીતરાગ પરમાત્માની દિવ્યધ્વનિ–ઓમકાર ધ્વનિ છે. 'ઓમકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે..' અને આગમ રચે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આવી વાત છે. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, **जीव ही है, अजीव नहीं**... યે અનેકાંત હૈ. જીવકા પરિણામ અપનેસે ભી હોતા હૈ ઔર પરસે ભી હોતા હૈ (—ઐસા નહીં). આતા હૈ તત્ત્વાર્થરાજવાર્તિકમેં (કિ) દો કારણસે કાર્ય હૈ. તત્ત્વાર્થરાજવાર્તિકમેં હૈ. ઉપાદાન ને નિમિત્ત... નિમિત્ત હૈ ઉસકા જ્ઞાન કરાયા. નિમિત્તસે હોતા નહીં, પણ નિમિત્ત હૈ ઉસકા જ્ઞાન કરાયા. દો કારણસે કાર્ય ઐસા પાઠ હૈ. યહાં તો એક હી કારણ કહા. આહાહા! અકલંકદેવ ભી કહતે હૈં કિ દો કારણસે કાર્ય હૈ અથવા સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામેં ઐસા આયા હૈ, પૂર્વ પર્યાય યુક્તં દ્રવ્ય ઉપાદાન... પૂર્વ પર્યાય યુક્તં દ્રવ્ય ઉપાદાનં... ઉત્તર પર્યાય યુક્ત દ્રવ્ય ઉપાદેય. ઉપાદાન કારણ હૈ ઔર ઉપાદેય કાર્ય હૈ. પહલી પર્યાય ઉપાદાન કારણ હૈ ઔર પીછેકી પર્યાય (કાર્ય હૈ)—યે સદ્ભુત વ્યવહારનયસે કથન હૈ, નિશ્ચયસે નહીં. આહાહા! નિશ્ચયસે તો યે (વર્તમાન) પર્યાય પૂર્વકી પર્યાયસે ભી ઉત્પન્ન હુઈ નહીં. પૂર્વકી પર્યાયકા તો વ્યય હોકર ઉત્પન્ન હોતી હૈ, તો ઉત્પન્ન હોનેમેં આશ્રય તો ત્રિકાલી દ્રવ્યકા હૈ. આહાહા! કઠણ વાત છે.

નિયમસારમેં પાઠ હૈ કિ અજ્ઞાનીકો 'સતતં સુલભં'... યે સામગ્રી મિલતી હૈ 'સતતં સુલભં'—સહજમેં મિલતી હૈ ઐસે સુલભ હૈ. જ્ઞાનીકો આત્મા મિલતા હૈ 'સતતં સુલભં.' (કલશ ૧૭૬). દો પાઠ હૈં નિયમસારમેં. આલોચના અધિકારકે આખિરમેં હૈ ઔર પહલે અધિકારમેં હૈ. મિથ્યાદ્રષ્ટિકો યે બાહ્ય સામગ્રી સુલભ હૈ. (કલશ ૩૦). લક્ષ કરતા હૈ કિ મુજે પૈસા મિલા, શરીર મિલા. ધૂળેય મિલતા નહીં, યે તો પૂર્વકે પુણ્યસે મિલતા હૈ. એક બાજુ

ભગવાન, મુનિ એમ પણ કહે કે મિથ્યાદ્રષ્ટિકો સામગ્રી મિલની દુર્લભ હૈ.—એમ કહે. ક્યોં ? ઉસકે પુરુષાર્થકે આધીન નહીં, પૂર્વકે પુણ્યકે આધીન હૈ ઇસલિયે દુર્લભ કહ દિયા. એક બાજુ સુલભ કહા. આહાહા! સમજમેં આયા?

યહાં કહતે હૈં કિ જીવકા પરિણામ જીવકા હૈ, અજીવસે નહીં, કર્મસે નહીં અથવા દેવ-ગુરુ-શાસ્ત્રસે ભી નહીં. અપને દ્રવ્યકે અવલંબનસે અપના પરિણામ જો હુઆ હૈ, યે પરિણામ દેવ-ગુરુ-શાસ્ત્રકે નિમિત્તસે ભી નહીં. આહાહા! અજીવસે નહીં અર્થાત્ ઈસ જીવસે (ભિન્ન) દૂસરે સબ જીવ. યહાં તો અજીવમેં કર્મ લિયા, નહીં તો યે જીવ, જીવ હૈ ઔર ઈસકી અપેક્ષાસે દૂસરે જીવ અજીવ હૈં. આહાહા! સમજમેં આયા? યે દ્રવ્ય, દ્રવ્ય હૈ ઈસકી અપેક્ષાસે દૂસરે દ્રવ્ય અદ્રવ્ય હૈં. સમજમેં આયા? ઝીણી વાત છે ભાઈ! પ્રભુનો એક એક બોલ સમજવો, આહાહા! એ અલૌકિક વાતું છે. યે સમજમેં આ ગયા તો ભવકા અંત આ ગયા. આહાહા! ઉસકો ભવ નહીં. યહાં કહતે હૈં, **अजीव नहीं**...

**इसीप्रकार अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे....** ભાષા દેખો! શરીરમેં ભી પર્યાય ક્રમબદ્ધ હોતી હૈ, આત્માસે નહીં. ઐસે હિલતા હૈ યે ક્રમબદ્ધ હોનેકી લાયકાતસે હુઆ હૈ. સમજમેં આયા? પહલે ઐસા થા, અબ ઐસા હુઆ. યે અજીવકી પર્યાય ક્રમબદ્ધસે હોનેવાલી હુઈ હૈ, આત્માકી ઇચ્છાસે નહીં, આત્માસે નહીં. આહાહા! **अजीव भी**... 'અજીવ ભી' ક્યોં કહા? કિ પહલે જીવકી બાત કી થી ન? એટલે અજીવ પણ, એમ. ક્રમબદ્ધ... ઉસમેં ભી ક્રમબદ્ધ હૈ. યે મકાન હોનેકી પરમાણુકી પર્યાય ક્રમબદ્ધમેં હુઈ હૈ. આહાહા! મંદિર બનતા હૈ તો પરમાણુકી પર્યાય ક્રમબદ્ધમેં હોનેવાલી હૈ ઉસસે બનતા હૈ. પ્રમુખ ઉસકા બનાનેવાલા નહીં હૈ. આહાહા! ભારે ઝીણી વાતું છે.

**अपने परिणामोंसे उत्पन्न होता हुआ जीव ही है**... આહાહા! પંડિતજી! જીવ હી હૈ (ઐસા નિર્ણય હુઆ) તો વિકારકા પરિણામ દૂર કર દિયા. આહાહા! જીવ હી હૈ..... કિ ક્રમબદ્ધકા જહાં નિર્ણય હુઆ... આહાહા! ગજબ વાત છે! અમૃતચંદ્ર આચાર્ય. ગાથા કરનેવાલે કુંદકુંદાચાર્યને તીર્થંકર જૈસા કામ કિયા હૈ અને અમૃતચંદ્રાચાર્યને ઉનકે ગણધર જૈસા કામ કિયા હૈ. આહાહા! અરે! વાણી મળવી મુશ્કેલ બાપા! પ્રભુ! યે કોઈ લૌકિક બાત નહીં, જગતકે પ્રપંચકી બાત નહીં, યે તો અંતરકી બાત હૈ. આહાહા! **जीव क्रमबद्ध**... આહાહા! ઈસમેંસે નિકલના રુચતા નહીં ઈતના ઈસમેં ભરા હૈ. આહાહા! **अपने परिणामोंसे उत्पन्न होता हुआ**... વિકારાદિ હૈ તો ખરા, પણ વિકારકા જ્ઞાન હૈ યે અપના પરિણામ હૈ. સમજમેં આયા? ક્યોંકિ અકર્તાપનેકી બાત હૈ ન? અકર્તાપનેમેં જ્ઞાતા-દ્રષ્ટા હુઆ. જ્ઞાતા-દ્રષ્ટાકા પરિણામ યે અપના પરિણામ હૈ. ઉસમેં રાગ આતા હૈ વો રાગકો જાનના ઐસા જ્ઞાતા-દ્રષ્ટાકા પરિણામ હી અપના હૈ. આહાહા!

**क्रमबद्ध ऐसे अपने परिणामोंसे**.... યે પરિણામકા ક્રમબદ્ધ. પરિણામમેં ક્રમબદ્ધ લેના હૈ ન? દ્રવ્યમેં ક્યા હૈ? **क्रमबद्ध ऐसे अपने परिणामोंसे.... क्रमबद्ध ऐसे अपने परिणामोंसे**.... પરિણામમેં ક્રમબદ્ધ લેના હૈ ન? આહાહા! ઓછું છે, પણ પ્રભુ! અમૃતનો ઘડો છે આ તો. એવી

વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. શ્વેતાંમ્બરમેં ભી કલ્પિત બાત હૈ. શાસ્ત્ર બનાયે વો કલ્પિત બનાયે. આ તો ભગવાન ત્રિલોકના નાથની વાણીને સર્વજ્ઞના કેડાયતો આડતિયા થઈને વાત કરે છે. સર્વજ્ઞકે આડતિયા હૈં મુનિ. આડતિયા સમજતે હૈં ન? માલ.... આહાહા! યે સર્વજ્ઞ ભગવાનકા માલ હૈ પ્રત્યક્ષપને, શ્રુતજ્ઞાનીકો પરોક્ષ હૈ. પ્રત્યક્ષપને ઉનકા માલ હૈ, યે પ્રત્યક્ષપને બતાતે હૈં. આહાહા! પ્રભુ! તું પૂર્ણાનંદકા નાથ હૈ ન. યે તેરી પર્યાય જો સમયમેં હોની હૈ વો હોગી ઉસ પરસે દ્રષ્ટિ હટા લે. આહાહા! ઇતના સબ હોગા.... ક્યા કહતે હૈં? જો સમયમેં પર્યાય સત્ હૈ.... ઉત્પાદ-વ્યયરૂપ સત્ હૈ ન? ઉત્પાદ-વ્યય યે સત્ હૈ. વ્યય અભાવરૂપ હૈ, પણ સત્ હૈ. તીનોં સત્ હૈં—ઉત્પાદ સત્ હૈ, વ્યય સત્ હૈ... અભાવ સત્ હૈ, ભાવ સત્ હૈ, ધ્રુવ સત્ હૈ. ઔર (કિસી) સત્ કો કિસીકી અપેક્ષા નહીં. ઐસા ૧૦૧ ગાથામેં હૈ. પ્રવચનસારમેં આયા હૈ. ઉત્પાદકી અપેક્ષા ધ્રુવકો નહીં, આહાહા! ધ્રુવકી અપેક્ષા ઉત્પાદકો નહીં. આહાહા!

યહાં (કહતે હૈં કિ) જો પરિણામ ઉત્પન્ન હોતા હૈ વહ જીવ હી હૈ. યે નિર્મલ પરિણામ ઉત્પન્ન હુઆ... આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ... ક્રમબદ્ધ પરિણામમેં વો પરિણામ ઉત્પન્ન હુઆ. આહાહા! ગજબ વાત હૈ! આ દિગંબર શાસ્ત્ર. સમજે નહીં ને સમજ્યા વિના વાંચ્યા કરે અને દીધે રાખે અને શેઠિયા જેવા પૈસાવાળા માણસ બેઠા હોય તો જય નારાયણ કરે, એને કાંઈ ખબર ન હોય. શેઠ! દાખલો આપું છું. સબ આતે હૈં ન શેઠ. અહીં એક શેઠ છે.... તમારા ઈન્દોરના શેઠ ત્યાંના મુખ્ય. હુકમીચંદજી સુનતે થે. યહાં આ ગયે હૈં. પ્રવચનમંડપ ઉસકે હાથસે ખુલ્લા કિયા. રાજકુમાર ભી આયે થે, વો મકાન બનાયા તબ. હુકમીચંદજી તો સુનકર ઐસે કહતે થે કિ સ્વામીજીકા (કથન) પંડિત લોગોંકો સમજના પડેગા. ઐસા કહતે થે. જરી નરમ માણસ હૈ. રાજકુમારમેં ઐસા હૈ નહીં. એ બધી ગરબડ છે. યહાં તો સત્ય હૈ યે સત્ય હૈ.

હુકમીચંદજી તો ઐસે કહતે થે..... પહલે સાધારણ બાત કરતે થે. પહલે જબ આયે થે એકકી સાલમેં. પહલે આયે થે એકકી સાલમેં, ૩૫ વર્ષ પહલે. પહલે તો જબ સુની ઉપાદાનકી બાત, તો (કહા), મહારાજ તો અભી આયે હૈં ન સ્થાનકવાસીમેંસે, તો યે બાત બહુત છંછેડના નહીં, બહુત છંછેડના નહીં, પહલે ઐસે કહતે થે. છંછેડના નહીં ક્યોંકિ..... મેં કીધું, છંછેડો. શેઠ! સબ બાત મૈં નિકાલૂંગા. કે ઉપાદાન પર્યાય અપનેસે હોતી હૈ, પરસે નહીં. ઢંઢેરો પીટો. અહીં કાંઈ ખાનગી નથી. ઢૂંઢીયામેંસે આયે ને.... પછી તો અનુકૂળ કરી નાખ્યું. કેટલી વાર આવ્યા? ત્રણ વાર આવ્યા. પહલી બાર આયે થે એકકી સાલમેં, દૂસરી બાર આયે થે ઉદ્ઘાટનકે ટાઈમ પર... દોપહરકો (કહા કિ) ૨૫૦૦૦ સંસ્થાકો દે દો. સંસ્થાકો ૨૫૦૦૦ દે દો. પહલે એકકી સાલમેં. ૩૫ સાલ હુએ. પણ આ માર્ગ.... અનુકૂલ બહોત બોલતે થે. પંડિત લોગોંકો ભી સમજના પડેગા. સ્વામીજી કહતે હૈં વો બરાબર સમજે નહીં હૈં ન. ..... આહાહા!

**अजीव नहीं**... યે પરિણામ હૈ (વહ) અજીવ નહીં. ઉસકા અર્થ હૈ કિ યે પરિણામમેં રાગ ભી નહીં ને અજીવ ભી નહીં. આહાહા! સમજમેં આયા? માર્ગ જરી ઝીણો છે પ્રભુ! પકડવા માટે બહુ ધ્યાન રાખવું જોઈએ. બહોત પ્રયત્ન ચાહિયે. આહાહા! દુનિયાને રાજી રાખવા વાત કરે,

રંજન લોકરંજન.... તારણસ્વામી કહતે હૈં ન કિ સારી દુનિયાકા લોકરંજન કરતે હૈં. જનરંજન. યહાં અષ્ટપાહુડમેં આયા હૈ. જનરંજન... લોગોંકો ઠીક કૈસે પડે. અરે! ઠીક ક્યા? (જો) હૈ વહ કહ ન? જનરંજન–દુનિયા રાજી હો, ઐસા કરો, દેશ સેવા કરો, એકબીજાને મદદ કરો, સાધર્મીને મદદ કરો. પણ યહાં કહતે હૈં કિ કોઈ મદદ-ફદદ કર સકતા નહીં. આહાહા! જડકી પર્યાય..... આહાહા! મુનિ–સચ્ચે સંત હૈં (ઉન્હેં) આહારપાણી દેતે હૈં, યે આહાર-પાણી દેનેકી ક્રિયા આત્મા કર સકતા નહીં. આહાહા! ઉસ સમય જો વિકલ્પ આયા... ઉસ સમય જ્ઞાની ભી આહાર દેતા હૈ, પણ વિકલ્પસે રહિત નિર્મલ પરિણામકા સ્વામી હૈ વહ. નિર્મલ પરિણામ ઉસસે ઉત્પન્ન હોતા હૈ. ક્રમબદ્ધસે નિર્મલ પરિણામ ઉત્પન્ન હોતા હૈ. આહાહા! મૈં રાગ ભી નહીં ને મૈં આહાર મુનિકો દેતા હૂં (ઉસ ક્રિયાકા) ભી ધણી–સ્વામી નહીં. આહાહા! બહુ આકરી વાત છે.

આ લોકો આહીં કહે, શ્વેતામ્બરની જાત્રા કરેને આ શેત્રુંજયની. જાત્રા કરીને નીચે ઉતરે ને સાધુને આહાર આપે તો બહોત લાભ હોગા. સાધુ ગમે તેવા હોય એના. સાધુ ક્યાં હતા? શ્વેતામ્બરમેં સાધુ.... ગૃહીત મિથ્યાત્વ હૈ. આહાહા! કુંદકુંદાચાર્યને કહા ન? મોક્ષમાર્ગ પ્રકાશકમેં આયા ન પંચમ અધ્યાયમેં? અન્ય મતમેં... અન્ય મતમેં ડાલા હૈ. શ્વેતામ્બર, સ્થાનકવાસી સબકો અન્ય મતમેં ડાલા હૈ. દુઃખ લાગે.... પણ સત્ય હૈ વો સત્ય હૈ. તેરે લાભકા કારણ તો યે હૈ. તુજે અનુકૂલ બોલે...... વિપરીત હો જાય, નરક ને નિગોદ મિલેગા. પ્રભુ! યે રંજન કરને જાયેગા, નરક, નિગોદ મિલેગા. આહાહા!

અહીં કહે છે, **जीव ही है, अजीव नहीं**. આ અનેકાંત. જીવ ભી હૈ પરિણામકા કર્તા ને અજીવ ભી પરિણામકા કર્તા હૈ (ઐસા હૈ નહીં). આહાહા! ખરેખર તો ક્રમબદ્ધકે નિર્ણયમેં જબ સમ્યગ્દર્શન હુઆ, ઉસ પરિણામકે કાલમેં રાગ હૈ, પણ ઉસ સમય રાગ સંબંધી અપના જ્ઞાન અપનેસે હોતા હૈ. રાગ હૈ તો જ્ઞાન હોતા હૈ ઐસા ભી નહીં હૈ. આહાહા! યે અપને પરિણામકા કર્તા અજીવ નહીં. એટલે ક્યા કહતે હૈં? જો અપનેમેં જ્ઞાતા-દ્રષ્ટાકા પરિણામ હુઆ, તો રાગકો જાના યે ભી નહીં. અપનેકો જાના હૈ પર્યાયમેં (અર્થાત્) રાગ સંબંધીકા જ્ઞાન અપના હૈ ઉસકો જાના હૈ. સમજમેં આયા? રાગ ભી અજીવ હૈ, તો અજીવકા જ્ઞાન યહાં હુઆ હૈ યે ભી વ્યવહાર કહનેમેં આયા હૈ. ઉસ સમયમેં અપની સ્વ-પરપ્રકાશક શક્તિસે અજીવ સંબંધી પરકા જ્ઞાન અપનેસે અપનેમેં હુઆ હૈ, પરકે કારણસે નહીં. રાગકા જ્ઞાન રાગ હૈ તો હુઆ, ઐસા હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

**अजीव नहीं**... અજીવ પરિણામ નહીં. આહાહા! યે પરિણામકા કર્તા અજીવ નહીં. આહાહા! ભગવાન આત્મા..... યે ક્રમસર કહા (અર્થાત્) જો હોનેકા (હૈ વો) હોગા હી હોગા ઐસા જબ અકર્તાપના હો જાતા હૈ, તબ અકર્તાપનેકા જ્ઞાતા હો જાતા હૈ. જ્ઞાતા હોતે હી દ્રષ્ટિ જ્ઞાન પર જાતી હૈ. આહાહા! યે પરિણામમેં જો રાગકો જાનને(રૂપ) પરિણામ હુઆ તો રાગકે કારણસે જાનના હુઆ ઐસા હૈ નહીં. આહાહા! સમજમેં આયા? રાગકા ભી જ્ઞાન હુઆ ન? ભાવગુણ કહા ન? (પહલે) ભાવગુણકે કારણસે વિકૃતપને (પરિણામ) ષટ્કારકસે હોતે હૈં, પણ (દૂસરે)

ભાવગુણકે કારણસે વિકૃત રહિત ઉસકા પરિણામ હૈ. વો ભાવગુણ, હોનેવાલા હોગા યે દૂસરા (ગુણ) હૈ. એક ભાવગુણ હૈ ઉસમેં (હોનેવાલી) પર્યાય હોગી યે દૂસરા (ગુણ) હૈ અને એક ભાવ(ગુણકા કાર્ય) વિકૃતિ રહિત ભાવ હૈ. દો ભાવગુણ હૈં ૪૭ (શકિત)મેં. સમજમેં આયા? તો દૂસરા ભાવ(ગુણ) ઐસા હૈ કિ દ્રષ્ટિ જબ દ્રવ્ય ઉપર ગઈ ને ક્રમબદ્ધકા નિર્ણય હુઆ, તો રાગ હૈ તો રાગકા જ્ઞાન હુઆ ઐસા હૈ નહીં. રાગકા તો કર્તા(પના) આતા નહીં, પણ રાગકા જ્ઞાન હુઆ ઐસા ભી વ્યવહાર હૈ. યે અપને સ્વ-પરપ્રકાશકકા જ્ઞાન અપને પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ, યે રાગસે ને અજીવસે નહીં. વિશેષ કહેંગેં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧, મંગળવાર, તા. ૨૪-૭-૧૯૭૯**
**ગાથા-૩૦૮-૩૧૧, પ્રવચન - ૪**

યે ૩૦૮ સે ૩૧૧ (ગાથા) હૈ. પહેલી લીટી ચાલી છે. તીન દિન ચલી, આજ ચૌથા દિન હૈ. ક્યા કહતે હૈં? ...... **प्रथम**... મુખ્ય બાત તો યહ હૈ કિ.... અમૃતચંદ્રાચાર્ય ઐસે કહતે હૈં... **तावत्** શબ્દ પડા હૈ. મુખ્ય બાત યહ હૈ કિ **जीव क्रमबद्ध ऐसे**... જીવ હૈ (ઉસકી) ક્રમબદ્ધપર્યાય હોતી હૈ. વો પરસોં નહીં કહા થા? કિ આત્મામેં ક્રમવર્તી ને અક્રમવર્તી ગુણ હૈ. યે કલ નહીં આયા થા. .... આત્મા જો વસ્તુ હૈ, ઉસમેં એક ક્રમવર્તી અને અક્રમવર્તી નામકા ગુણ હૈ. જબ ક્રમબદ્ધકા નિર્ણય કરતે હૈં કિ જો સમયમેં જો પર્યાય હોનેવાલી (હૈ વો) ક્રમસર હોગી, આગે-પીછે નહીં. પરસે નહીં, આગે-પીછે નહીં. આહાહા! તો ઉસમેં પુરુષાર્થ કહાં રહા? વો કહતે હૈં. ક્રમબદ્ધકા નિર્ણય કરતે હી પર્યાયકા લક્ષ છૂટ જાતા હૈ ઔર જ્ઞાયકકા લક્ષ હોતા હૈ, તબ ક્રમબદ્ધકા નિર્ણય (સચ્ચા) હોતા હૈ. ક્યોંકિ ક્રમબદ્ધ પર્યાયમેં હૈ. દ્રવ્યમેં કાંઈ ક્રમબદ્ધ હૈ નહીં. દ્રવ્યમેં ક્રમસર હોના ઔર અક્રમ હોના ઐસા ગુણ હૈ. સમજમેં આયા?

કલ તો થોડી યે બાત કી થી કિ ૩૮વી ગાથામેં ઐસા કહા હૈ કિ ક્રમ અને અક્રમ—દોનોં પર્યાયમેં હૈં. કહા થા? ક્યા? યે ક્રમ ને અક્રમ દૂસરી ચીજ હૈ. ક્રમ નામ એક સમયમેં એક ગતિ(કી પર્યાય) હોતી હૈ, દૂસરે કાલમેં દૂસરી ગતિ(કી પર્યાય હોતી હૈ), તો યે ગતિ ક્રમસર હૈ. પણ આત્મામેં યોગ, લેશ્યા, કષાય એક સમયમેં હૈં તો વો અક્રમ કહનેમેં આતા હૈ. પર્યાય અક્રમસર હોતી હૈ ઐસા હૈ નહીં, પર્યાય તો ક્રમબદ્ધ હી હોતી હૈ. આહાહા! પણ વો ક્રમબદ્ધકા નિર્ણય કરને જાતે હૈં વહાં પર્યાય ઉપર લક્ષ નહીં રહતા. આહાહા! જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવી મૈં હૂં.. સર્વજ્ઞસ્વભાવી હૂં. 'સર્વજ્ઞ' યે પ્રવચનસારમેં કહા હૈ કિ 'અસાધારણ જ્ઞાનકો કારણ ગ્રહકર' ઐસા સંસ્કૃત પાઠ હૈ. (ગાથા ૨૧).

જો અસાધારણ નામ સર્વજ્ઞસ્વભાવ આત્માકા હૈ યે અસાધારણ ગુણ હૈ, ઉસકો 'કારણપને ગ્રહકર' ઐસા પાઠ હૈ પ્રવચનસારમેં. અહીં તો યાદ આવે એ આવે... પાર ન મળે વસ્તુનો..... આહાહા! ઐસી ટીકા હૈ સંસ્કૃતમેં. 'જ્ઞાનકો કારણપને ગ્રહકર..' ઉસકા અર્થ કિ જબ ક્રમબદ્ધકા નિર્ણય કરતે હૈં તો સર્વજ્ઞસ્વભાવકા કારણ ગ્રહણ કરકે ક્રમબદ્ધકા નિર્ણય હોતા હૈ. અને સર્વજ્ઞસ્વભાવ જો અંદરમેં હૈ..... ઝીણી વાત છે પ્રભુ! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક હૈ. આહાહા! એમાં આ દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહીં. પણ ગંભીર બહોત હૈ. એક-એક શબ્દ ને એક-એક પદમેં ગંભીરતા બહોત હૈ. કહતે હૈં કિ (હર એક) સમયમેં ક્રમબદ્ધ હોતા હૈ તો હમારા (ઉસમેં) પુરુષાર્થ કહાં રહા?

વો કહા થા ૭૨કી સાલમેં. ૭૨કી સાલમેં. ૬૩ વર્ષ હુએ. ઉસ વક્ત ચર્ચા હુઈ થી સંપ્રદાયમેં. ઉસમેં થે ન હમ તો. હમ તો ..... સંપ્રદાયમેં આયે નહીં. હમ તો અંતરમેં સત્ય

(લગેગા) વો લેંગે. ઐસા પ્રશ્ન ઊઠા ૭૨મેં કિ કેવલજ્ઞાનીને દેખા ઐસા હોગા. અપને ક્યા પુરુષાર્થ કર સકે? ભગવાનને જબ દેખા (હોગા) તબ પુરુષાર્થ હોગા. હમ પુરુષાર્થ કૈસે કર સકે? ઐસા પ્રશ્ન દો વર્ષ ચલા (સંવત) ૭૦ ઔર ૭૧. નયી નયી દીક્ષા થી. ૨૩-૨૪ વર્ષમેં દીક્ષા લી થી. દોઢ વર્ષ પછી, ૨૫ વર્ષકી ઉંમરમેં યે ચર્ચા પ્રગટ કી. તબ તક બોલે નહીં હમ. સુનતે થે. એક ગુરુભાઈ થા વો વારંવાર ઐસા કહા કરે. મૈંને ઐસા કહા... ભાઈને બતાવ્યું હતું ત્યાં રામજીભાઈને. સરવા. વિંછીયાથી પાળિયાદ જતા સરવા છે. ૭૨ની વાત છે. ૭૨. ૬૩ વર્ષ હુએ. ૬૦ ઔર ૩. તુમ્હારે જન્મ પહલે. ૪૪ + ૧૯ વર્ષ હુએ.

ઐસા પ્રશ્ન નિકલા તો કહા, પ્રભુ! તુમ કહતે હો વો બાત મુજકો નહીં બૈઠતી. ક્યોં? કેવલીને દેખા ઐસા હોગા, ઇતની બાત તો બરાબર હૈ. પણ પુરુષાર્થ ક્યા કરે? તો હમ તો કહતે હૈં કિ કેવલી જગતમેં હૈં... ઈસ જગતમેં એક સમયકી જ્ઞાનકી પર્યાયમેં તીન કાલ તીન લોક જાનનેવાલે હૈં ઐસે અનંત સિદ્ધ હૈં, લાખો કેવલી હૈં, મહાવિદેહમેં વીસ તીર્થંકર હૈં. કેવલજ્ઞાની હૈં, એક સમયમેં તીન કાલ તીન લોકકો જાનનેવાલી પર્યાયકી સત્તા હૈ, તો ઈસ સત્તાકા સ્વીકાર હૈ પહલે? પીછે ઉસને દેખા ઐસા હોગા. યે ૭૨કી બાત હૈ. ૬૩ વર્ષ પહલેકી. પૂર્વકા સંસ્કાર થા ન.

ખરેખર યે બાત તો ૮૦ ગાથામેં ચલતી હૈ. ૮૦-૮૧-૮૨ ગાથામેં પ્રવચનસારમેં. યે (પ્રવચનસાર) તો હાથમેં ભી નહીં આયા થા ૭૨મેં. ૭૮મેં (હાથમેં) આયા. પણ બાત વહી અંદરસે આયી. ૮૦-૮૧-૮૨ ગાથા હૈ ન પ્રવચનસાર. **जो जाणदि अरिहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं...** જો કોઈ અરિહંતકે દ્રવ્ય-ગુણ-પર્યાય જાને **सो जाणदि अप्पाणं...** અરિહંતકે દ્રવ્ય-ગુણ-પર્યાય તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકો જાનના..... યહાં તો કહા હૈ કિ પરદ્રવ્યકે દ્રવ્ય-ગુણ-પર્યાય જાનના યે તો વિકલ્પ હૈ. અરે! યે તો વિકલ્પ હૈ, પણ અપને આત્માકે દ્રવ્ય-ગુણ-પર્યાય—તીનકા વિચાર કરના વો ભી વિકલ્પ હૈ. (પરમ) આવશ્યક અધિકાર, નિયમસાર. સબ આધાર દેને જાવે તો દેર લગે. નિયમસાર, આવશ્યક અધિકારમેં ઐસા લિયા હૈ કિ ભગવાનકે દ્રવ્ય-ગુણ-પર્યાય તો પરદ્રવ્ય હૈ. ભગવાન તો ઐસે કહતે હૈં કિ પરદ્રવ્યકા વિચાર કરેગા તો તેરી દુર્ગતિ હોગી. મોક્ષપાહુડમેં ૧૬મી ગાથામેં ઐસા કહા.

ભગવાનને ઐસે કહા, કુંદકુંદાચાર્યને ઐસે કહા કિ હમારા લક્ષ કરેગા તો તુજે રાગ હોગા ઔર તેરી દુર્ગતિ નામ ચૈતન્યકી ગતિ નહીં હોગી. યહાં તો ઐસે કહા, **जो जाणदि अरिहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं, सो जाणदि अप्पाणं....** ઐસા ક્યોં કહા? વો તો નિમિત્તસે કથન કિયા. કિ સર્વજ્ઞકી પર્યાય એક સમયમેં પૂર્ણ ત્રિકાલ (જાનતી) હૈ, તો યે પર્યાય નિકલી કહાંસે? વો સર્વજ્ઞશક્તિમેંસે નિકલી હૈ. સર્વજ્ઞ જો ગુણ હૈ ન અંદર? ૪૭ શક્તિમાં છે. યે સર્વજ્ઞ(ગુણ)મેંસે વો સર્વજ્ઞ પર્યાય નિકલી હૈ. અરિહંતકે દ્રવ્ય-ગુણ ને પર્યાયકા નિર્ણય કરને જાતે હૈં, તો અપને દ્રવ્યમેં સર્વજ્ઞશક્તિ હૈ ઉસકા નિર્ણય હોતા હૈ, તબ ઉસકો ક્રમબદ્ધ ને અરિહંતકે દ્રવ્ય-ગુણ-પર્યાય વ્યવહારસે જાનનેમેં આયે. સૂક્ષ્મ બાત હૈ ભગવાન!

ક્રમબદ્ધ હોતા (હૈ અર્થાત્) જો સમયમેં જો પર્યાય હોનેવાલી (હૈ વો) હોગી. આગે-પીછે નહીં, પરસે તો નહીં, પરદ્રવ્યસે તો નહીં. નિશ્ચયસે તો યહાં યહ લિયા હૈ કિ ક્રમબદ્ધકા જબ નિર્ણય હોતા હૈ તો અરિહંતકે કેવલજ્ઞાનકા તો નિર્ણય ઉસકો હુઆ, વો તો પર હૈ, પણ અપના નિર્ણય હુઆ કિ મૈં સર્વજ્ઞસ્વભાવી હૂં. આહાહા! મેરી ચીજ હી સર્વજ્ઞસ્વભાવી હૈ. અને સર્વજ્ઞસ્વભાવ ન હો તો પર્યાયમેં સર્વજ્ઞપના આયેગા કહાંસે? સમજમેં આયા? તો સર્વજ્ઞસ્વભાવકા જબ નિર્ણય કરતે હૈં તબ ક્રમબદ્ધકા નિર્ણય આ ગયા, તબ ઉસકો પુરુષાર્થ આ ગયા. કેવલીને દેખા ઐસા હોગા, તો પહલે કેવલીકી શ્રદ્ધા (હૈ)? અને કેવલીકી શ્રદ્ધાસે પહલે અપના સર્વજ્ઞસ્વભાવ હૈ ઉસકી શ્રદ્ધા (હૈ)? આહાહા! ઝીણી વાત છે ભાઈ! આ તો પ્રભુના વિરહ પડ્યા ને આવી પડ્યા બાપા! આહાહા! આ વાત ક્યાંથી ક્યારે કઈ આવે છે? એ પણ.... અંતરથી આવે છે. તૈયાર ગોખી રાખી છે એમ નથી. કલ ક્યા આયા થા ઉસકા ભી ખ્યાલ નહીં હૈ. કલ આયા થા વ્યાખ્યાનમેં વો સારી જીંદગીમેં નહીં કહા ઐસા આયા થા. આહાહા! તબ ક્યા આયા થા યે ભી (યાદ નહીં). (શ્રોતાઃ અંતર સે આતી હૈ...) આહાહા! અંદરસે આતી હૈ બાત.

યહાં કહતે હૈં કિ ક્રમવર્તી ને અક્રમવર્તી નામકા અંદર ગુણ હૈ, તો સર્વજ્ઞસ્વભાવકા જબ નિર્ણય કરતે હૈં તબ દ્રવ્યકા નિર્ણય કરનેમેં ક્રમવર્તી ને અક્રમવર્તી નામકે ગુણકા નિર્ણય ભી સાથમેં આ ગયા. થોડી ઝીણી વાત છે ભાઈ! સમજમેં આયા? જૈસે સર્વજ્ઞ જગતમેં હૈં (ઔર) ઉન્હોંને દેખા ઐસા હોગા, તો યે સર્વજ્ઞપર્યાય આયી કહાંસે? વો સર્વજ્ઞશક્તિમેંસે આયી. **अप्पाणं जाणहि..** હૈ ન? મૈં ભી સર્વજ્ઞશક્તિવાન હૂં, મેરા સ્વભાવ હી સર્વજ્ઞસ્વભાવ હૈ. કોઈ એક ચીજકા કરના વો તો હૈ નહીં, પણ ઉસકો જાને બિના રહે ઐસા (સ્વભાવ) નહીં. તીન કાલ, તીન લોકકે દ્રવ્ય-ગુણ-પર્યાય હૈં યે એક પર્યાયમેં જાનનેકી મેરી તાકાત હૈ, યે પર્યાય સર્વજ્ઞસ્વભાવમેંસે આતી હૈ. કપૂરચંદજી! બહુ ઝીણી વાત છે ભગવાન! આહાહા!

તો ઐસા જબ નિર્ણય કરને જાતે હૈં, તો યે ક્રમવર્તી–ક્રમબદ્ધમેં જો સમયમેં જો પર્યાય હોનેવાલી હૈ (વો હોગી).... ઉસે તો ન બૈઠી. બડી ચર્ચા હુઈ થી વર્ણીજીકે સાથ. ૧૩કી સાલ. યે બાત ન બૈઠી. (ઉન્હોંને કહા), એક પીછે એક હોગી, પણ યહી હોગી ઐસા નહીં. અહીં કીધું કે જો (હોનેવાલી હૈ) વહી હોગી. આગે-પીછેકા કોઈ પ્રશ્ન હી નહીં, ઈસકે પીછે યહી આયેગી ઐસા હી હૈ. (ઉનકા કહના થા કિ એકકે પીછે દૂસરી) આયેગી, પણ ઈસકે પીછે યહી આયેગી ઐસા નહીં. કીધું, નહીં, ઈસકે પીછે યહી આયેગી ઐસા નિયમ હૈ. યે તો ૧૩કી સાલકી બાત હૈ. તુમ થે કિ નહીં? નહીં થે. આહાહા!

યહાં કહતે હૈં કિ **क्रमबद्ध ऐसे अपने परिणामोंसे... अपने परिणामोंसे...** આહાહા! એક બાજુ ઐસે કહે કિ પર્યાય દ્રવ્યમેં હૈ નહીં ઔર દ્રવ્ય પર્યાયમેં આતા નહીં. સમજમેં આયા? આહાહા! ક્યોંકિ દો ચીજ હૈ, અસ્તિત્વ હૈ. પર્યાયકા અસ્તિત્વ હૈ, દ્રવ્યકા અસ્તિત્વ હૈ. અસ્તિત્વકો હેતુ નહીં હોતા. હૈ, ઉસકા હેતુ નહીં. ચાહે તો દ્રવ્ય હો, ચાહે તો ગુણ હો, ચાહે તો પર્યાય હો, હૈ સત્.... બંધ અધિકારમેં હૈ સમયસારમેં. અહેતુક. પર્યાય અહેતુક હૈ. યે તો ઠીક,

પણ ક્રમબદ્ધકા નિર્ણય કરનેસે જો પર્યાય ઉત્પન્ન હુઈ—દ્રવ્યકા લક્ષ (કરનેસે) જો પર્યાય ઉત્પન્ન હુઈ—નિશ્ચયસે યે પર્યાયકો દ્રવ્યકી-ધ્રુવકી ભી અપેક્ષા નહીં. ક્યોંકિ જો પર્યાય હૈ યે સત્ હૈ. સત્ કો હેતુ નહીં. આહાહા! ઉસકા-ધ્રુવકા હેતુ નહીં ઉસકો (-પર્યાયકો). બહુ ઝીણી વાત છે. આહાહા!

તો યે પરિણામ અપનેસે.... એક બાજુ ઐસા કહે કિ ઉસ પરિણામકો ધ્રુવકી અપેક્ષા નહીં હૈ. યહાં કહે કિ ક્રમબદ્ધ અપને પરિણામોંસે ઉત્પન્ન હોતા.... સમજમેં આયા? દ્રવ્યકી-જ્ઞાયકકી દ્રષ્ટિ હુઈ તો જો નિર્મલ પરિણામ ઉત્પન્ન હુઆ, વિકારકી યહાં બાત નહીં. વિકાર પરિણામમેં આતા હૈ.... વો કલ કહા થા. ભાવ નામકા એક ગુણ હૈ આત્મામેં.... ભાવ નામકે દો ગુણ હૈં. આત્મામેં ભાવ નામકે દો ગુણ હૈં. ૪૭ શક્તિમેં હૈ. એક ભાવગુણકા ઐસા અર્થ હૈ કિ જો સમયમેં જો પર્યાય હોનેવાલી હૈ યે ભાવગુણકે કારણસે હોગી. (ભાવ)ગુણકે કારણસે હોગી. યે ગુણકા અનંત ગુણમેં રૂપ હૈ, તો અનંત ગુણમેં ભી જો સમયમેં જો પર્યાય હોગી વહ ભાવગુણકે કારણસે (હોગી) ઔર ભાવગુણકા અનંત ગુણમેં રૂપ હૈ વહ અનંત ગુણકે (અપને) કારણસે હૈ. આહાહા! જો સમયમેં જો પર્યાય અનંત ગુણકી હોનેવાલી હૈ....

યહાં યે શબ્દ હૈ કિ **अपने परिणामोंसे**... 'પરિણામસે' ઐસે નહીં કહા, 'પરિણામોંસે'. અનંત લિયે હૈં. હૈ? બહુવચન હૈ. પહલી લીટીમેં. આ તો ગંભીર વાત બાપુ! દિગંબર સંતોની વાત કોઈ અલૌકિક છે. યહાં તો 'ક્રમબદ્ધ' એક શબ્દ લિયા હૈ.

શ્રોતા : ક્રમબદ્ધ શબ્દ જ અલૌકિક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : અલૌકિક હૈ. આહાહા! અને ક્રમબદ્ધકા જિસકો નિર્ણય હુઆ, ઉસકો સર્વજ્ઞસ્વભાવી પ્રભુકા નિર્ણય હુઆ. મૈંને તો ઉસ વક્ત હી કહા થા ૭૨કી સાલમેં. વો કહે કિ ભગવાનને દેખા તબ ભવ હોગા, ઇતને ભવ હોંગે. સુનો! બાહરસે કહતે થે. ગુરુ તો સુનતે થે.. ગુરુ સુનતે થે. ગુરુ બોલતે નહીં થે. ગુરુભાઈ થા વો કડક થા, બહુ આકરા કષાયી.

કહા, ભગવાનકા જ્ઞાન (હુઆ) ઔર અપને સર્વજ્ઞસ્વભાવકા નિર્ણય હુઆ, ઉસકે કેવલજ્ઞાનીને ભવ દેખે હી નહીં હૈ. સમજમેં આયા? ભવ હૈ હી નહીં. દો-ચાર ભવ હો, કદાચિત્ એક-દો હો, વહ જ્ઞાનકા જ્ઞેય હૈ. ૭૨મેં કહા થા. ૬૩ વર્ષ પહલે. વહાંકી (-મહાવિદેહકી) બાત થી ન. ભગવાન ત્રણ લોકના નાથ પાસે હતા. યે તો (પીડા) સહન નહીં હુઈ તો જન્મ (લેકર) આ ગયે હૈં. વહાં કહા કિ સર્વજ્ઞ જગતમેં હૈં ઐસી સત્તાકા જબ સ્વીકાર કરને જાતા હૈ તો ઉસકા લક્ષ પર્યાય ઉપર નહીં રહતા, ઉસકા લક્ષ ગુણ-ગુણી ભેદ ઉપર નહીં રહતા, ઉસકા લક્ષ દ્રવ્ય ઉપર જાતા હૈ-અભેદ પર જાતા હૈ તબ ક્રમબદ્ધકા નિર્ણય સચ્ચા હોતા હૈ. તો કેવલજ્ઞાનીને દેખા (ઐસા) હોગા (ઐસી) કેવલજ્ઞાનકી સત્તાકા સ્વીકાર કિયા (ઔર) અપની સત્તાકા સ્વીકાર કિયા, વહાં પુરુષાર્થ આ ગયા. સમજમેં આ ગયા? આહાહા! ઝીણી વાત છે ભાઈ! દૂસરી બાત. યે ક્રમ ને અક્રમ ગુણ હૈ ઉસમેં તો ક્રમસર-ક્રમબદ્ધ હી પર્યાય હોગી. યે ગુણકા ધરનેવાલા ગુણી પ્રભુ હૈ, ઉસ ગુણીકી જબ દ્રષ્ટિ હોતી હૈ તો ક્રમવર્તી ગુણકે કારણસે જો ક્રમબદ્ધ આનેવાલી

પર્યાય હૈ વો હી હોગી. સમજમેં આયા? ઝીણું પડે થોડું, પણ ધીમેથી પચાવવું. ભાઈ! ઝીણું પડે થોડું.

પીછે દૂસરી બાત. પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ યાની એક પરિણામ નહીં હૈ. આજે સવારમાં પ્રશ્ન કર્યો હતો કોઈ ભાઈએ. એક સમયમેં એક હી પર્યાય ઉત્પન્ન હોતી હૈ? કીધું, એક ગુણકી એક, પણ (સબ મિલકર) અનંતી. 'પરિણામોં' લિયા હૈ ન? તો અનંત ગુણોંકે પરિણામ ઉત્પન્ન હોતે હૈં એક સમયમેં. દ્રવ્યમેં અનંત ગુણ હૈં ઔર દ્રવ્યકી જબ દ્રષ્ટિ હુઈ તો અનંત ગુણ જિતની સંખ્યામેં હૈં કિ પાર નહીં. આહાહા! આકાશના પ્રદેશનો અંત નથી. અલોકકા અંત કહાં આયેગા? કહીં અંત નહીં. અંત કહાં? લોકકા અંત હૈ, અલોકકા અંત કહાં? દસો દિશામેં આકાશ કહાં પૂરા હુઆ? કહીં અંત નહીં.. અંત નહીં.. અંત નહીં.. અંત નહીં.. યે ક્યા હૈ? આહાહા! ભાઈ! એકવાર નાસ્તિક વિચાર કરે તો ઉસે અસ્તિકી શ્રદ્ધા હો જાતી હૈ. કિ આકાશકે પીછે ક્યા હૈ?

એકવાર વાત ચાલી હતી. ઓલા જામનગરના દીવાન હતાને. દીવાન મહેરબાનજી. એની દીકરો હતો, એ મારી પાસે આવ્યો હતો ૯૧માં. ૯૧માં અહીં આવવું હતુંને ત્યારે. એ અને એક ડોક્ટર. બેય આવ્યા હતા. ભઈ! જુઓ! ...... ધુવાણ ગામ હૈ. ઈતના વિચાર તો કરો, દૂસરા બાજુમેં રખો. યે (આકાશ) ચીજ હૈ વહ કહા તક હૈ? અનંત.. અનંત.. અનંત.. અનંત.. જોજન આગે જાયેં. યે ચીજ અનંત.. અનંત.. અનંત.. જોજનમેં નહીં તો પીછે ક્યા હૈ? અને પીછે હૈ તો ઉસકા અંત કહાં? આહાહા! અંદર માથું ફરી જાય એવું છે. માથું એટલે દ્રષ્ટિ. આકાશકે પ્રદેશકા અંત કહા? છેલ્લો છેડો. છેલ્લા આકાશકા પ્રદેશ કહાં? 'છેલ્લા'કો ક્યા કહતે હૈં? લોકકે બાહર આખિરકા આકાશકા પ્રદેશ કહાં? આખરી હૈ હી નહીં. જિતને પ્રદેશ હૈં ઉસસે અનંત ગુને તો એક આત્મામેં ગુણ હૈં. આહાહા! યે અનંત ગુણકે પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ, ઐસે કહા. એક ગુણકી પર્યાય નહીં. આહાહા!

શ્રદ્ધાકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ, આનંદકી પર્યાય હોતી હૈ, અરે! જિતને અનંત ગુણ હૈં ઉન સબકે વ્યક્ત–પ્રગટ પરિણામ ઉત્પન્ન હોતે હૈં. આહાહા! સમજમેં આયા? જિતની ગુણકી સંખ્યા હૈ... દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાનેસે, જિતને ગુણ હૈં સંખ્યામેં ઉન સબ ગુણકા એક અંશ વ્યક્ત–પ્રગટ હોતા હૈ. સમ્યગ્દર્શનમેં અકેલા સમ્યગ્દર્શન હોતા હૈ ઐસા નહીં. સમ્યગ્દર્શનકી પર્યાયમેં આનંદકા અંશ, વીર્યકા અંશ... જો આત્મામેં વીર્ય ગુણ હૈ, યે વીર્યગુણકા કાર્ય યહ હૈ કિ સ્વરૂપકી રચના કરના. શુભ ને અશુભ રાગકી રચના કરના યે વીર્યગુણકા કાર્ય નહીં. સમજમેં આયા? અપનેમેં એક વીર્યગુણ હૈ–પુરુષાર્થ નામકા એક ગુણ હૈ. યે ગુણકા કાર્ય ક્યા? એ ૪૭ શક્તિમાં છે. સ્વરૂપની રચના. જબ દ્રવ્યકી અંતર્મુખ દ્રષ્ટિ હુઈ તો જિતને અનંત ગુણ હૈં ઉનકી પ્રગટ અવસ્થાકી રચના કરતા હૈ યે વીર્યકા કાર્ય હૈ. આહાહા! પુરુષાર્થસે હોતા હૈ ઐસે કહના હૈ. યે પર્યાય ભી ક્રમબદ્ધમેં આતી હૈ, પણ પુરુષાર્થસે હોતી હૈ. સમજમેં આયા?

વીર્યગુણ હૈ ન અંદર? વીર્યગુણ અનંતી પર્યાયકી રચના કરતા હૈ, તો પુરુષાર્થ આયા કિ નહીં? વો સમય જો રાગ આયા હૈ.... યે આત્મામેં ઐસા એક ભાવગુણ હૈ કિ ષટ્કારકરૂપસે વિકૃત પરિણતિ હોતી હૈ ઉસસે રહિત હોના ઐસા ભાવગુણ હૈ. ૪૭ ગુણમેં હૈ. આહાહા! આવી વાતું હવે આમાં... ષટ્કારકરૂપસે વિકૃતિ હોતી હૈ પર્યાયમેં, ઉસ પર્યાયસે રહિત... ભાવ નામકા ગુણ હૈ તો (વિકારસે) રહિતપને ઉસકા પરિણમન હોતા હૈ, સહિતપને નહીં. યે ક્રમબદ્ધકા નિર્ણય કરનેમેં દ્રવ્યકા નિર્ણય હોતા હૈ, તો દ્રવ્યમેં એક ઐસા વીર્યગુણ હૈ કિ જો નિર્મલસ્વરૂપકી રચના કરે. રાગકી (રચના) કરે ઐસા ઉસમેં હૈ હી નહીં. આહાહા! હા, રાગ આતા હૈ, તો રાગ સંબંધી યહાં જ્ઞાન કરતી હૈ જ્ઞાન(પર્યાય). યે રાગ હૈ તો ઉસકા જ્ઞાન કરતા હૈ ઐસા ભી નહીં. યે જ્ઞાનકી પર્યાય સ્વકા જ્ઞાન ઔર પરકા જ્ઞાન કરતી હૈ. પર હૈ તો પરકા જ્ઞાન કરતી હૈ ઐસા ભી નહીં. યે જ્ઞાનકી પર્યાય અપને સ્વ-પરપ્રકાશક સામર્થ્યસે પ્રગટ હોતી હૈ. રાગ હો, પણ રાગ હૈ તો યહાં રાગકા જ્ઞાન હુઆ ઐસા હૈ નહીં.

અપને જ્ઞાનકી પર્યાયમેં સ્વ-પરપ્રકાશકી તાકાત હોનેસે.... અનંતી પર્યાયમેં દરેક પર્યાયમેં વીર્યકી રચના હૈ. આહાહા! યે અનંત પરિણામ અપને પુરુષાર્થસે પ્રગટ હોતે હૈં ઔર જો પરિણામોંસે (દ્રવ્ય) ઉત્પન્ન હોતા હૈ વે નિર્મલ હૈં. મલિનકી બાત યહાં હૈ નહીં. આહાહા! અને જો સમયમેં જો રાગ હૈ ઉસ સંબંધીકા જ્ઞાન અપનેસે અપને કારણસે ઉત્પન્ન હોતા હૈ. રાગ હૈ તો રાગકા જ્ઞાન હોતા હૈ ઐસા ભી નહીં. ઐસા કહા ન? **अपने परिणामोंसे उत्पन्न होता हुआ**... રાગ યે અપના પરિણામ હૈ નહીં. આહાહા! રાગ, દયા, દાન આદિ અપને સ્વભાવકા પરિણમન હૈ નહીં. ક્યોં? કિ આત્મામેં જિતને ગુણ હૈં ઉસમેં વિકૃતિ કર સકે ઐસા કોઈ ગુણ નહીં. અનંત ગુણ પવિત્રતાકી પરિણતિ કર સકે ઐસે ગુણ હૈં. વિકૃતિ કર સકે ઐસા કોઈ ગુણ હી નહીં અનંતમેં. આહાહા! વિકૃતિ તો હોતી હૈ, યે પર્યાયદ્રષ્ટિસે નિમિત્તકે વશ હોકર હોતી હૈ. ઉસકા ભી જ્ઞાનીકો.... ક્રમબદ્ધકા જબ નિર્ણય હુઆ તબ રાગકા જ્ઞાન, રાગ હુઆ તો રાગ સંબંધી જ્ઞાન હુઆ ઐસા ભી નહીં હૈ. આહાહા! સમજમેં આયા?

**क्रमबद्ध ऐसे अपने परिणामोंसे**... દેખો! અનંત અપને નિર્મલ પરિણામોંસે.... જિતને ગુણ હૈં ઉતની અનંત પર્યાય આયી. એક ગુણકી એક, પણ અનંત ગુણકી અનંત પર્યાય એક સમયમેં હુઈ. સમ્યગ્દર્શન જહાં હુઆ, ક્રમબદ્ધકા નિર્ણય હુઆ, સર્વજ્ઞગુણકા નિર્ણય હુઆ, સર્વદર્શી, સર્વજ્ઞગુણકા ધરનેવાલા દ્રવ્યકા નિર્ણય હુઆ, તો અનંત અનંત જિતને ગુણ હૈં સબમેં નિર્મલપને પરિણામ ઉત્પન્ન હોતે હૈં. આહાહા! ઝીણું બહુ ભાઈ! સમજાય એટલું સમજવું બાપુ! આ તો પરમાત્મા ત્રણ લોકના નાથ એના ઘરની વાતું છે. એના પેટની વાતું છે આ તો. આહાહા!

શ્રોતા : ..... રચના કરતા હૈ તો પુરુષાર્થ સિદ્ધ હો ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : પુરુષાર્થ હૈ સાથમેં. પુરુષાર્થ બિના કોઈ પર્યાય હી હોતી નહીં. ક્યોંકિ વીર્યગુણ જો હૈ, ઉસ વીર્યગુણકા અનંત ગુણમેં રૂપ હૈ. તો અનંત ગુણમેં ભી વીર્યશક્તિ.. વીર્ય નામકી શક્તિકા રૂપ હૈ. જબ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ હુઈ, તો અનંત ગુણમેં વીર્યસે પર્યાય પ્રગટ

હોતી હૈ. ભગવાનને દેખા ઐસા હોગા ઐસા નિર્ણય જબ હુઆ, તબ અપનેમેં અનંતી પર્યાય પુરુષાર્થસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા! ડાહ્યાભાઈ!

બીજી વાત. યે **परिणामोंसे उत्पन्न होता हुआ**... પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ ઉસ વક્ત રાગ, અજીવ આદિ સારી બાહ્ય ચીજ હો, પણ ઉસ સંબંધીકા અપના જ્ઞાન અપનેસે ઉત્પન્ન હોતા હૈ. યે ચીજકો દેખતે હૈં યા ચીજકો જાનતે હૈં ઐસા નહીં. પરચીજકો દેખતા-જાનતા હૈ ઐસા હૈ નહીં, યે તો અપનેકો હી દેખતા-જાનતા હૈ. ક્યોંકિ પરમેં ઔર અપની પર્યાયમેં અત્યંત અભાવ હૈ. દોનોંમેં અત્યંત અભાવ હૈ, તો યે પર્યાય ઉસકો દેખતી હૈ યહ કહના તો વ્યવહારસે કથન હૈ, અસદ્ભૂત વ્યવહારનયકા કથન હૈ. ઉસ સંબંધી... લોકાલોક ને અપને દ્રવ્ય સંબંધી જો અપની (જ્ઞાન)પર્યાય ઉત્પન્ન હુઈ, યે અપને સામર્થ્યસે અપને કારણસે ઉત્પન્ન હુઈ હૈ. લોકાલોક હૈ તો ઉત્પન્ન હુઈ ઐસા ભી નહીં હૈ. આહાહા! હવે આટલે બધે જાવું કઠણ પડે બાપુ! પણ માર્ગ તો આ છે. આહાહા!

**अपने परिणामोंसे उत्पन्न होता हुआ**... દૂસરેકે પરિણામકો જીવ ન કહા. પર્યાય દ્રવ્યમેં જાતી નહીં ઔર દ્રવ્ય પર્યાયમેં આતા નહીં. યહાં યે કહા કિ પરિણામોંસે ઉત્પન્ન હોતા હુઆ જીવદ્રવ્ય હી હૈ. સમજમેં આયા? યે અનંત ગુણકા પરિણમન... આહાહા! જહાં ક્રમબદ્ધકા નિર્ણય કરને જાતે હૈં તો જ્ઞાયકસ્વભાવ પર.... 'અકર્તાપના..' ઉપર યે શબ્દ હૈ. જુઓ! ઉપર. **आत्माका अकर्तृत्व द्रष्टांतपूर्वक कहते है**... અકર્તૃત્વ (શબ્દ) હૈ ગાથા ઉપર. અકર્તૃત્વ સિદ્ધ કરના હૈ. ક્રમબદ્ધમેં પરકી પર્યાયકા કર્તાપના હૈ નહીં, જ્ઞાતાપના સિદ્ધ કરના હૈ. અકર્તૃત્વ સિદ્ધ કરના હૈ ઉસકા અર્થ, અસ્તિસે જ્ઞાતાપના સિદ્ધ કરના હૈ. આહાહા! જ્ઞાતાપના જો સિદ્ધ હુઆ, તબ રાગકા ભી કર્તા નહીં ઔર રાગસે જ્ઞાન હોતા હૈ ઐસા ભી નહીં. આહાહા! આવી વાત છે ભાઈ! સમજમેં આયા?

યે અનંત શુદ્ધ પરિણામોંસે... **अपने परिणामोंसे** ઐસા શબ્દ કહા ન? પરકા પરિણામ નહીં, રાગકા ભી નહીં. **अपने परिणामोंसे**... અપને ગુણ અનંત હૈં ઉસકી પવિત્ર પરિણતિ હો યે અપને પરિણામ હૈં. વ્યવહાર રત્નત્રય હૈ યે અપના પરિણામ નહીં અને વ્યવહાર રત્નત્રય હૈ તબ ઉસકા જ્ઞાન યહાં હુઆ, યે વ્યવહારકા રાગ હૈ તો યહાં (જ્ઞાન) હુઆ ઐસા ભી નહીં. અપને જ્ઞાનકી પર્યાય ઇતની સામર્થ્યવાલી હૈ કિ પરકી અપેક્ષા રખે બિના સ્વ-પરકો જાનનેકા પરિણમન અપનેસે હોતા હૈ. ઝીણી વાતું બહુ બાપુ! આહાહા!

**अपने परिणामोंसे**... આહાહા! એક કોર કહે કિ પર્યાય દ્રવ્યકી નહીં. આહાહા! પર્યાય પર્યાયકી હૈ. ન્યાયગ્રંથમેં ભી આતા હૈ. આપ્તમીમાંસા. ધર્મી ને ધર્મ—દો ભિન્ન હૈં. ધર્મી (હૈ વહ) ધર્મ નહીં અને ધર્મ (હૈ વહ) ધર્મી નહીં. આહાહા! આપ્તમીમાંસા ન્યાયગ્રંથ હૈ, ઉસમેં ભી ઐસા આયા હૈ. .... હૈ યે પરિણામ હી જીવ હૈ. આહાહા! હૈ? બાપુ! વીતરાગમાર્ગ એ કંઈ હળદરના ગાંઠે ગાંધી થઈ જાય એવું નથી. યે તો બડી ગંભીર ચીજ હૈ. આહાહા! થોડા શાસ્ત્ર

પઢા–ભણ્યા એટલે જ્ઞાન હો ગયા, ઐસા હૈ નહીં ભાઈ! ભગવાન આત્માકા જ્ઞાન હો તો (સચ્ચા) જ્ઞાન હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

**अपने परिणामोंसे**... એક વાત. 'પરિણામોંસે' (કહનેમેં) અનંત પરિણામ લિયે. બહુવચન. **उत्पन्न होता हुआ... उत्पन्न होता हुआ जीव ही है**... યે જીવદ્રવ્ય હી હૈ. યે પર્યાય જીવકી હૈ તો જીવદ્રવ્ય હી હૈ. આહાહા! આવી વાત છે. અરે પ્રભુ! આત્મામેં તાકાત હૈ, એક ક્ષણમેં કેવલજ્ઞાન લેનેકી તાકાત હૈ. ઉસકો ઐસી બાત સમજમેં ન આવે ઐસા કલંક નહીં લગાના. આહાહા! એ કલંક છે. અપનેકો નહીં જાન સકતા ઐસી બાત ન કહના, પ્રભુ! કેવલજ્ઞાન સારા ત્રણ કાળ ત્રણ લોકકો જાને ઐસી પર્યાય એક ક્ષણમેં પ્રગટ હોતી હૈ–એક સમયમેં પ્રગટ હોતી હૈ. આહાહા! અપને સામર્થ્યસે દ્રવ્યકા લક્ષ કરનેસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ યે મોક્ષ હૈ. યે મોક્ષકે માર્ગસે મોક્ષ ઉત્પન્ન હુઆ ઐસા ભી નહીં. સમજમેં આયા? મોક્ષ તો અભાવ હૈ–વ્યય હૈ અને વ્યયકી અપેક્ષા ઉત્પાદકો હૈ નહીં. આહાહા! યે ઉત્પાદ ઉત્પાદસે (હુઆ). બહુત કહો તો દ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હુઆ ઐસા કહનેમેં આતા હૈ. યે મોક્ષમાર્ગકા તો વ્યય–અભાવ હો જાતા હૈ. વરના કેવલજ્ઞાન મોક્ષપર્યાય હૈ વો ભાવવાલી હૈ. યે ભાવ ઉત્પન્ન કહાંસે હુઆ? કિ દ્રવ્યમેંસે ઉત્પન્ન હુઆ, ઐસા એક અપેક્ષાસે કહનેમેં આતા હૈ. દ્રવ્ય કર્તા ને પર્યાય કર્મ, યે ભી ઉપચારસે કથન હૈ. આહાહા!

કલશટીકામેં આતા હૈ. કલશટીકા હૈ ન? આ કળશ છે ને? કલશટીકા હૈ ન? અમૃતચંદ્રાચાર્ય. ઉસમેં ઐસા આતા હૈ. નિર્મલ પરિણામ અપના કાર્ય ને આત્મા કર્તા, યે ભી ઉપચારસે (કથન) હૈ. આહાહા! અરે ભગવાન! તેરી બલિહારી તો અંદર હૈ, તુમ તો ભગવાન હો. ચૈતન્ય હીરલા તેરે હીરેકી કિંમત કહાં? આહાહા! 'બડા બડાઈ બોલે નહીં, બડા ન બોલે બોલ, હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ' એમ કહે છે. ઐસે ભગવાન (આત્મા)કી કિંમત કરને નહીં જાના, બાપુ! યે તો કિંમત બિનાકી ચીજ હૈ. યે તો મહા ચીજ હૈ. આહાહા! બાપુ! યે કોઈ સાધારણ ચીજ નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન કોઈ સાધારણ ચીજ નહીં. એના વિના બધું લઈ લે, વ્રત લઈ લો, પડિમા લઈ લો—યે સબ ધૂળ હૈ. આહાહા! મૂળ ચીજના જ્યાં ઠેકાણા છે નહીં, ઉસમેં વ્રત ને તપ ને પૂજા, પડિમા ને ભક્તિ આયી કહાંસે? યે સબ તો રાગ હૈ. યે ધર્મકા કારણ હૈ (ઐસા માનના) યે તો મિથ્યાત્વ હૈ. આહાહા! આકરી વાત છે ભાઈ!

આહીં કહે છે, આહાહા! **अपने परिणामोंसे उत्पन्न होता हुआ**... આહાહા! જીવ હૈ ઐસા ભી નહીં કહા. **जीव ही है**... સંસ્કૃતમેં હૈ **जीव एव**. સંસ્કૃતમેં હૈ **जीव एव**. જીવ જ. પ્રભુ! તુમ કહતે થે કિ પરિણામમેં દ્રવ્ય નહીં આતા (ઔર) તુમ તો પરિણામકો દ્રવ્ય કહતે હો. ભાઈ! પરસે જુદા ને અપને પરિણામસે અભિન્ન હૈ. અભિન્નકા અર્થ, પરિણામ દ્રવ્યમેં એકમેક હોતા હૈ ઐસા નહીં. અભિન્નકા અર્થ, પરિણામ પરિણામીમેં અભેદ હોતા હૈ–એકમેક હોતા હૈ ઐસા નહીં. વો (પરિણામ સ્વ)સન્મુખ હુઆ તો પરસે વિમુખતા હો ગઈ, તો પરિણામ આત્મામેં અભેદ હુઆ ઐસા કહનેમેં આયા. આહાહા! આવો માર્ગ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ.... અરે! જેને

સાંભળવા ન મળે, એ વિચારે ક્યારે ને બેસે ક્યારે? બાપુ! અને આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે. એના મૃત્યુનો જે સમય છે એ તો પાકો છે. જિતને દિન જાતે હૈં યે મૃત્યુકે સમીપ જાતા હૈ. આહાહા!

યહાં કહતે હૈં, **अपने परिणामोंसे... अपने परिणामोंसे**... યે અપને પરિણામમેં નિર્મલ લેના, વિકારી નહીં લેના. વિકાર હોતા હૈ, પર જહાં દ્રવ્યકી દ્રષ્ટિ હુઈ, ઉસમેં ભાવ નામકા ગુણ હૈ ઉસ કારણસે વિકારસે રહિત પરિણમન (હુઆ) વો ઉસકા હૈ. વિકારકા જો જ્ઞાન હુઆ, વિકારકી શ્રદ્ધા હુઈ, યે હુઈ અપનેસે. વિકાર હૈ તો જ્ઞાન હુઆ ને વિકાર હૈ તો શ્રદ્ધા હુઈ—ઐસા નહીં. યે શ્રદ્ધા ને જ્ઞાન હુઆ યે અપના પરિણામ હૈ. રાગ અપના પરિણામ નહીં. આહાહા! ઝીણી વાત છે. કાલે આવ્યું એનું એ જ બધું આવે કાંઈ? આહાહા!

**जीव ही है**... આહાહા! એક કોર પ્રભુ એમ કહે કિ પરિણામ ધ્રુવકી અપેક્ષાસે નહીં (હોતે). ૧૦૧ ગાથા, પ્રવચનસાર. જો પરિણામ ઉત્પન્ન હોતે હૈં ઉસકો ધ્રુવકી અપેક્ષા નહીં, ઉસકો વ્યયકી અપેક્ષા નહીં, ધ્રુવકો ઉત્પાદકી અપેક્ષા નહીં. આહાહા! અરે ભાઈ! એ ટાણા ક્યારે મળે? બાપા! ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ ઉસકા હૃદય યે હૈ, ઉસકા અભિપ્રાય યે હૈ. સમજમેં આયા? આહાહા! યે અપને (પરિણામ) **जीव ही है**... પરિણામ ઉસકા હૈ ન? ઉસસે ઉત્પન્ન હુઆ હૈ ન? નિમિત્તસે ઉત્પન્ન હુઆ હૈ યે ભી નહીં. વ્યવહાર રત્નત્રય રાગ હૈ તો ઉસસે યહાં સમ્યગ્દર્શન હુઆ ઐસા હૈ નહીં. વ્યવહાર રત્નત્રયકા રાગ હૈ, તો રાગકે કારણસે ઉસકા યહાં જ્ઞાન હુઆ, ઐસા હૈ નહીં. અપને જ્ઞાનગુણ આદિ જો અનંત ગુણ-શક્તિ હૈ યે અપને કારણસે અનંત (ગુણકી) પર્યાયરૂપ પરિણમન હોતા હૈ. આહાહા! દ્રવ્ય ભી સ્વતંત્ર, ગુણ ભી સ્વતંત્ર અને અનંત પર્યાય ઉત્પન્ન હોતી હૈ વો ભી સ્વતંત્ર. આહાહા!

યે પર્યાય ઉત્પન્ન હોતી હૈ (જિસે) યહાં **जीव ही** કહા, (પર) નિશ્ચયસે યે પરિણામ ષટ્કારકસે ઉત્પન્ન હુઆ હૈ. જો નિર્મલ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ હુએ, યે પર્યાયકા કર્તા પર્યાય, પર્યાયકા કાર્ય પર્યાય, પર્યાયકા સાધન પર્યાય, પર્યાયસે પર્યાય (હુઈ), પર્યાય હોકર પર્યાય રખી, પર્યાયકે આધારસે પર્યાય હૈ. આહાહા! અરેરે! ક્યાં માર્ગ પ્રભુનો અને ક્યાં લોક એને માને? આહાહા! અને સત્ય બાત આયી તો કહે, એ.. એકાંત હૈ. અરે પ્રભુ! આહાહા! યે સમ્યક્ એકાંત હી હૈ. યે ચીજ હી ઐસી હૈ. નય હૈ વો એક અંશકા લક્ષ હી કરતા હૈ, તો એકાંત હૈ. પ્રમાણ હૈ વો દોનોં (નયોં)કા લક્ષ કરતા હૈ, યે અનેકાંત હૈ. દ્રવ્યકા ભી જ્ઞાન ને પર્યાયકા જ્ઞાન. યહાં તો દ્રવ્યકા જ્ઞાન હુઆ તબ પર્યાયકા જ્ઞાન-નિર્ણય યથાર્થ હુઆ. ક્રમબદ્ધકા નિર્ણય કબ હુઆ? જબ દ્રવ્યકા નિર્ણય યથાર્થ હુઆ તો ક્રમબદ્ધકા નિર્ણય હુઆ. તબ સર્વજ્ઞ જગતમેં હૈં પરદ્રવ્ય, ઐસા ભી વ્યવહારસે નિર્ણય ઉસકો હુઆ. સમજમેં આયા? આહાહા!

**अपने परिणामोंसे उत्पन्न होता हुआ जीव ही है**... આહાહા! કાલ તો ઘણું કહેવાણું હતું, કાંઈ બધું યાદ રહે છે? કાગળ આપ્યો હતો કે કાલ બોલાણું એ ફરીને બોલવું, એમ. અહીં તો આવતા આવતા આવે ત્યારે આવે. આહાહા! **अजीव नहीं**... યે ક્યા કહા? કિ જો અનંત

પરિણામોંસે ઉત્પન્ન હુઆ.... રાગ આયા તો રાગસે યહાં જ્ઞાન હુઆ ઐસા નહીં. અજીવ નહીં, યે અજીવસે નહીં હુઆ. રાગ યે અજીવ હૈ, શરીરાદિ અજીવ હૈં, તો અનંત પરિણામ જો ઉત્પન્ન હુએ યે અજીવસે નહીં હુએ, રાગસે નહીં હુએ, રાગકા જ્ઞાન રાગસે નહીં હુઆ. આહાહા! આવી ઝીણી વાત છે. અબ શિક્ષણ શિબિરમેં બાહરસે કહાંસે આયે હૈં લોગ. ખ્યાલમેં તો લેના ચાહિયે ન? આ મનુષ્યપણું ચાલ્યું જશે. આહાહા!

અને વિપરીત શ્રદ્ધા થોડી ભી જો રહ ગઈ.... સાતવેં અધ્યાયમેં કહા ન? મોક્ષમાર્ગપ્રકાશકમેં સાતવેં અધ્યાયમેં. પાંચવેં અધ્યાયમેં ગૃહીત મિથ્યાત્વકી બાત કી, છઠવેં અધ્યાયમેં કુગુરુ-દેવ(કી બાત કી). સાતવેં અધ્યાયમેં, જૈન સંપ્રદાયમેં જન્મે ફિર ભી મિથ્યાત્વ કહાં રહ જાતા હૈ ઉસકા અધિકાર હૈ. મિથ્યાત્વકા એક અંશ શલ્ય ભી સંસારકા કારણ હૈ. સાતવાં અધ્યાય, મોક્ષમાર્ગપ્રકાશક. પહલે શરૂઆતમેં કહા. આહાહા! દિગંબર જૈનમેં જન્મે તો ભી કહાં મિથ્યાત્વ રહ જાતા હૈ, ઉસકી ખબર નહીં ઉસે. ઉસકા અધિકાર સાતવાં હૈ.

યહાં કહતે હૈં, જો અપના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.. ક્રમબદ્ધકા નિર્ણય કરનેમેં દ્રવ્યકે નિર્ણયમેં યે આયા, યે રાગસે નહીં, યે અજીવસે નહીં. યહાં તો અજીવકે સાથ લેંગે. ખરેખર તો ઈસ (-સ્વ) જીવકી અપેક્ષાસે ભગવાન પંચપરમેષ્ઠી ભી જીવ નહીં. ક્યા કહા? ઈસ (સ્વ)દ્રવ્યકી અપેક્ષાસે પર અદ્રવ્ય હૈ. ત્રણ લોકના નાથ આદિ પંચ પરમેષ્ઠી હૈં વે ભી ઈસ (સ્વ)દ્રવ્યકી અપેક્ષાસે અદ્રવ્ય હૈં, યે (સ્વ)ક્ષેત્રકી અપેક્ષાસે અક્ષેત્ર હૈ, યે (સ્વ)કાલકી અપેક્ષાસે અકાલ હૈ ને યે (સ્વ)ભાવકી અપેક્ષાસે અભાવ હૈ. આહાહા! ઈસ દ્રવ્યકી અપેક્ષાસે તો યે અદ્રવ્ય હૈ, તો ઈસ જીવકી અપેક્ષાસે પંચપરમેષ્ઠી (સ્વ)જીવ નહીં તો અજીવ હૈં. આહાહા! સમજમેં આયા? થોડી સૂક્ષ્મ બાત હૈ ભાઈ! સમજનેકી ચીજ તો યે હૈ. ઈસકે બિના—ઐસા યથાર્થ જ્ઞાન, યથાર્થ શ્રદ્ધા બિના—જો કુછ કરે વો સબ સંસાર હૈ.

શુભભાવ યે સંસાર હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પડિમાકે પરિણામ યે સબ શુભ(ભાવ હૈં), સંસાર હૈ. સંસાર, કોઈ સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી સંસાર નહીં. સંસાર તો અપની પર્યાયમેં, અજ્ઞાનીકી અપની પર્યાયમેં રહતા હૈ. સંસાર કોઈ દૂસરેમેં રહે? સંસાર તો વિકૃત પર્યાય હૈ. વિકૃત પર્યાય તો આત્માકી પર્યાયમેં હોતી હૈ. સંસાર તો ઇસકી પર્યાયમેં હૈ. સંસાર કોઈ બાહરમેં હૈ? સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી યે સંસાર હૈ? કિ નહીં, યે તો પરચીજ હૈ. આહાહા! સંસાર તો, તેરી પર્યાયમેં શુભરાગ ને અશુભરાગ જો ઉત્પન્ન હોતા હૈ યે સંસાર હૈ. આહાહા! ભારે આકરી વાત ભાઈ! યે સંસાર અજીવ હૈ. સમજમેં આયા? તો યે અજીવસે યહાં જ્ઞાનપરિણામ ઉત્પન્ન હુઆ યા અનંત પરિણામ ઉત્પન્ન હુએ ઐસા નહીં. આહાહા! આકરી વાત છે ભાઈ! આહાહા!

ત્રણ લોકના નાથની વાણી આવતી હશે એ કેવી હશે? આહાહા! સંતો આવી વાત કરે, છદ્મસ્થ મુનિઓ આવી વાત કરે, તો સર્વજ્ઞકી વાણી-દિવ્યધ્વનિમેં કૈસા (આતા હોગા)? ઇન્દ્ર ભી કુત્તીકે બચ્ચે જૈસે સમવસરણમેં સુનને બૈઠે. એક ભવતારી, પહલે સ્વર્ગકા ઇન્દ્ર હૈ વો એક

ભવતારી હૈ. ઔર ઉસકી મુખ્ય સ્ત્રી–ઇન્દ્રાણી હૈ, કરોડોમેં એક મુખ્ય (હોતી) હૈ, વો ભી એક ભવતારી હૈ. દોનોં મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલે હૈં. વે જબ સુનનેકો જાતે હૈં તો વાણી કૈસી હોગી? પોષા કરો, વ્રત કરો. યે તો કુંભાર ભી કહતા હૈ. સમજમેં આયા?

શ્રોતા : શ્રાવણ મહિનાનો સોમવાર આવે તો સૌ કહે કે અપવાસ કરો.

પૂજ્ય ગુરુદેવશ્રી : અપવાસ કરો સોમવારના. આ બેઠો શ્રાવણ મહિનો. શ્રાવણની એકમ આજ છે. સિદ્ધાંતને હિસાબે તો શ્રાવણ માસકા એક પક્ષ ચલા ગયા. (અષાઢ) વદ યે શ્રાવણ વદ થી, અષાઢ વદ યે શ્રાવણ વદ થી. યે તો દૂસરા પક્ષ (શુરૂ હુઆ). શ્રાવણ સુદ એકમ દૂસરા પખવાડિયા (-પક્ષ) હૈ. પહેલા પખવાડિયા ચલા ગયા. બહારની હિસાબે અષાઢ કહે છે, સિદ્ધાંતની હિસાબે અષાઢ વદની અમાસ એ શ્રાવણ વદની અમાસ હતી. આજ શ્રાવણ સુદ એકમ છે. આહાહા!

**अजीव नहीं**... ઇતના આયા, લો. કલકા થોડા બાકી રહી ગયા થા યે જરા.... **इसी प्रकार**... જીવની પેઠે **अजीव भी**... અજીવ પણ... ઓલો જીવ લીધો (એટલે) અજીવ પણ... **क्रमबद्ध**... આહાહા! ઉસમેં ભી ક્રમસર પર્યાય હોનેવાલી હોતી હૈ. યે મંદિર બના તો ઉસકી પર્યાયસે બના હૈ. કોઈ કડિયાને બનાયા હૈ ઐસા હૈ નહીં. આહાહા! સમજમેં આયા? આહારકા એક કવલ નીચે (થાલીમેં) હૈ, વો ઐસે ઉંચા હોતા હૈ વો ઉસકી પર્યાયસે હોતા હૈ, હાથસે નહીં, ...સે નહીં. આહાહા! અજીવ પણ **क्रमबद्ध**... આહાહા! શરીરકી ઐસી પર્યાય રહે વહ ક્રમબદ્ધમેં આનેવાલી હૈ વો આયી હૈ. મૈં ધ્યાન રખૂં તો બરાબર રહ સકે, પથ્ય આહાર કરું તો નિરોગતા રહે, યે બાત સબ (જૂઠી હૈ). આહાહા! દવા યે પરદ્રવ્યકી પર્યાયકો નિરોગ કરે, યહાં મના કરતે હૈં. ક્યોંકિ નિરોગતા ઉસકી–શરીરકી પર્યાયકા ક્રમ હૈ તો હોતા હૈ.

શ્રોતા : ....... તો આખું આયુર્વેદ ખોટું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે વ્યવહાર કહા. .... આયુર્વેદમેં.... વૈદકી દવા કરનેસે (રોગ) મિટતા હૈ ઐસા આયા હૈ અકલંકદેવમેં. યે તો વ્યવહારનયકા કથન હૈ.

એક દ્રવ્યકી પર્યાય દૂસરે દ્રવ્યકો કભી છૂતી નહીં. તીસરી ગાથા સમયસારકી. એક દ્રવ્ય અપને ગુણ-પર્યાય(રૂપ) ધર્મકો ચૂંબતા હૈ. ટીકા હૈ. દરેક પદાર્થ અપને ગુણ અને પર્યાયરૂપી ધર્મકો છૂતા હૈ, પરદ્રવ્યકો કભી છૂતા હી નહીં. યે આત્મા હૈ (ઉસને) કભી કર્મકો છુઆ ભી નહીં. ઈસ શરીરકો ભી આત્માને કભી છુઆ નહીં. શરીરને આત્માકો છુઆ નહીં, આત્માને શરીરકો છુઆ નહીં. આહાહા! સમજમેં આયા? યે લકડી ઊંચી હોતી હૈ, દેખો! તો કહતે હૈં કિ ક્રમબદ્ધ પર્યાયસે ઐસે ઊંચી હુઈ હૈ. અંગુલીકા આધાર હૈ તો ઊંચી હુઈ, અંગુલીસે ઊંચી હુઈ— ઐસા તીન કાલમેં હૈ નહીં. આહાહા! પણ વો સંયોગસે દેખતા હૈ. યે યહાં (સંયોગકો) દેખતા હૈ, યહાં (સ્વભાવકો) દેખતા નહીં. લાલચંદભાઈ! એ આહીં દેખે છે. આહીં (સ્વભાવ) દેખે તો એની પર્યાય અહીંથી (-પોતાથી) છે. પણ આ દેખે છે કે જો આ છે તો... પણ એ તો બીજી ચીજ છે. આહાહા! સમજમેં આયા?

**अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे**... ઈસમેં ભી બહુવચન આયા. અજીવ બહોત હૈં ન? બહોત અનંત હૈ. સબ અનંત.. આહાહા! યે પાસડા (-પાંસળી) હૈ ન પાસડા? વો નીચેકી (હડ્ડીકે) આધારસે નહીં રહા હૈ. એક-એક પરમાણુ અપને ષટ્કારક આધારસે પરમાણુ રહા હૈ, પરકે આધારસે નહીં. આ તે કોણ માને?

શ્રોતા : સંયોગદ્રષ્ટિવાળા ન માને.

પૂજ્ય ગુરુદેવશ્રી : સંયોગ(દ્રષ્ટિ)વાળા ન માને. વો સંયોગસે દેખતે હૈં. યે અપનેસે રહા હૈ વો નહીં દેખતે.

શ્રોતા : યે ખંભા બનાયા વો કિસને બનાયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : કિસને બનાયા? પર્યાયને બનાયા હૈ. જડકી પર્યાયસે ખંભા બના હૈ. યે પુસ્તક બનતા હૈ તો જડકી પર્યાયસે બનતા હૈ. આહાહા! અક્ષર લિખતે હૈં, તો યે અક્ષર ઇચ્છાસે તો નહીં હુએ હૈં, પણ કલમસે ભી નહીં હુએ હૈં. આહાહા! આવી વાત છે. એમ પ્રભુનો પોકાર છે, ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો પોકાર છે. અજીવ પરમાણુની દરેક ગુણની પર્યાય જો સમયમેં હોનેવાલી હોતી હૈ યે અપનેસે હોતી હૈ, પરકે કારણસે હોતી નહીં. આહાહા!

ઈસકી ભી તકરાર થી ન? ૧૩કી સાલમેં ચર્ચા બહોત હુઈ થી. યહાં ભી ૭૧કી સાલસે હમ કહતે હૈં. ૭૧કી સાલ, ૬૪ વર્ષ પહલે. કિ વિકાર અપનેમેં કર્મસે હોતા નહીં. ૭૧કી સાલસે. હમ તો લાઠીમેં..... યે પ્રશ્ન વર્ણીજીકે સાથ ચલા. વર્ણીજી કહે, ઐસા નહીં હૈ, કર્મસે વિકાર હોતા હૈ. સર્વદા (હોતા હૈ), કોઈ સમય ભી નિમિત્તસે નહીં હોતા હૈ ઐસા નહીં. કીધું, તીન કાલ તીન લોકમેં નિમિત્તસે હોતા નહીં. જુદી વાત છે. ...ભાઈ! આહાહા! પરદ્રવ્યકી પર્યાય... એક પરમાણુકી પર્યાય દૂસરે પરમાણુકી પર્યાયકો છૂતા નહીં, કરતા નહીં. તો પરમાણુકી પર્યાય જીવ કરે ઐસે કેમ બને? ક્યોંકિ અજીવકા પરિણામ ઉત્પન્ન હોતા હૈ વો અજીવ હી હૈ. આહાહા!

યે **अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे**... આહાહા! યે ક્રમબદ્ધમેં મહા ભગવંત બિરાજતે હૈં (અર્થાત્) ક્રમબદ્ધકા નિર્ણય કરનેસે ભગવાન (આત્મા) નજરમેં આતા હૈ, તબ ક્રમબદ્ધકા સચ્ચા નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? ઝીણી વાત છે ભાઈ! **अजीव भी क्रमबद्ध**.... આહાહા! યે પુસ્તક હૈ યે ઘોડીકે આધારસે રહા હૈ ઐસા નહીં એમ કહતે હૈં. યે પરમાણુ અપની પર્યાયકે અપને આધારસે, અપને કારણસે પર્યાયમેં હૈ. પરમાણુ અપની પર્યાયમેં અપને કારણસે હૈ. પરકે કારણસે પરમાણુ નહીં. એક પરમાણુ દૂસરા.... સિદ્ધાંતમેં ઐસા (આતા) હૈ કિ દો ગુણ અધિક હો.... યહાં તીન ગુણ હો ઔર દૂસરા (પરમાણુ) પાંચ ગુણ હો, (તો પહલા) પાંચ ગુણ(રૂપ) હો જાતા હૈ, લો. તત્ત્વાર્થસૂત્રમેં ઐસા હૈ. યે તો નિમિત્તકા કથન હૈ. પરમાણુમેં પંચ ગુણ તીખાશકી પર્યાય હૈ અને દૂસરે પરમાણુમેં તીન ગુણકી હૈ. યહાં પાંચ ગુણ(વાલા) આ જાય તો (દૂસરા) પાંચ ગુણ(રૂપ) હો જાતા હૈ. તો પાંચ ગુણકે મિલનેસે પાંચ ગુણ હોતા હૈ ઐસા નહીં. ક્રમબદ્ધમેં પાંચ હોનેકા કાલ ઉસકા હૈ તો પાંચ(ગુણરૂપ) હુઆ હૈ. આહાહા! વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૨, બુધવાર, તા. ૨૫ -૭-૧૯૭૯**
**ગાથા-૩૦૮-૩૧૧, પ્રવચન - ૫**

સમયસાર, સર્વવિશુદ્ધ અધિકાર. યે અધિકાર મોક્ષ અધિકારકી ચૂલિકા હૈ. ચૂલિકાકા અર્થ યહ હૈ કિ પહલે કહા હુઆ હૈ વો ભી કહેંગેં ઔર નહીં કહા વો ભી વિશેષ કહેંગેં. મોક્ષ અધિકારકી યહ ચૂલિકા હૈ. ઈસમેં સ્પષ્ટ બહોત આયા હૈ. કોઈ પ્રશ્ન કરે કિ ૧૪વીં ગાથામેં, ૩૮વીં ગાથામેં—ઉસમેં સબ આયા હૈ. ૧૪વી ગાથામેં યે કહા કિ અપના ભગવાન આત્મા અબદ્ધ હૈ. રાગસે બંધ નહીં, કર્મસે બંધ નહીં, એક પર્યાય જિતના નહીં. વો બાત યહાં આતી હૈ. ભગવાન (આત્મા) અબદ્ધસ્પૃષ્ટ હૈ. અબદ્ધસ્પૃષ્ટમેં નાસ્તિસે કથન હૈ, અસ્તિસે કહો તો મુક્તસ્વરૂપ હી ભગવાન અંદર હૈ. દ્રવ્યસ્વરૂપ.. દ્રવ્ય–વસ્તુ હૈ યે તો મુક્તસ્વરૂપ હૈ. ઉસે અબદ્ધ કહકર મુક્તસ્વરૂપકા ભી જ્ઞાન કરતે હૈં, મુક્તસ્વરૂપકી પ્રતીતિ કરતે હૈં, મુક્તસ્વરૂપકા અનુભવ કરતે હૈં, યે સારે જૈનશાસનકા અનુભવ કરતે હૈં. યે ૧૫વી ગાથામેં કહા હૈ. સમજમેં આયા? તો ઉસમેં ભી સબ આ ગયા હૈ. ૧૪વી, ૩૮વી...

૭૩વીમેં ભી યહ કહા  કિ એક સમયકી પર્યાય.... પરસે તો ભગવાન ભિન્ન હી હૈ, રાગસે ભી ભિન્ન હૈ. અપની જો ધર્મકી નિર્મલપર્યાય વહ સ્વદ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ, યે ષટ્કારકકે પરિણમનસે ઉત્પન્ન હોતી હૈ, દ્રવ્યસે ભી નહીં. આહાહા! સમજમેં આયા? યહાં કહા કિ અપના આત્મા ક્રમસર અપને નિર્મલ પરિણામસે ઉત્પન્ન હોતા હૈ. વસ્તુ તો ત્રિકાલી વસ્તુ હૈ. ત્રિકાલ નિર્મલ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, શુદ્ધ બુદ્ધ ચિદ્દસ્વરૂપ પ્રભુ. શુદ્ધ હૈ, બુદ્ધ હૈ, જ્ઞાનકા પિંડ હૈ અને 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા! ઉસમેં ષટ્કારકકી પરિણતિ જો પર્યાયમેં હૈ, ધર્મકી હોં, વિકારકી નહીં, પરકી તો નહીં. અપની પર્યાયમેં ધર્મકી પરિણતિ—ચૈતન્ય શુદ્ધ ભગવંત ઉસકા અનુભવ, ઉસકી પ્રતીતિ, ઉસકા જ્ઞાન, ઉસમેં લીનતા, વો પર્યાય અપને ષટ્કારકસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા! સમજમેં આયા?

૭૩મેં કહા વહી યહાં કહા. 'અપને પરિણામોંસે ઉત્પન્ન હોતા હૈ' ઉસકા અર્થ, વો પરિણામ ભી નિર્મલ ષટ્કારકસે ઉત્પન્ન હોતે હૈં. આહાહા! સૂક્ષ્મ બાત હૈ. વીતરાગકા ધર્મ વીતરાગસ્વભાવસે ઉત્પન્ન હોતા હૈ. વીતરાગસ્વભાવ(રૂપ) વો અપના પરિણામ હૈ, યે પરિણામ કહાંસે ઉત્પન્ન હુઆ? કિ ત્રિકાલી વીતરાગસ્વભાવ હૈ ઉસકે આશ્રયસે હુઆ. સમજમેં આયા? આ તો પહેલી લીટીના થોડાક શબ્દ... **जीव क्रमबद्ध ऐसे अपने परिणामोंसे...** દ્રવ્ય તો દ્રવ્ય હૈ હી, પણ ઉસકી જો નિર્મલ પર્યાય હોતી હૈ યે ભી ક્રમબદ્ધ અપની પર્યાયકે કાલમેં પર્યાયકા જન્મક્ષણ હૈ. યે પર્યાયકા ઉત્પત્તિકા કાલ હૈ. આહાહા! ૧૦૨ ગાથા પ્રવચનસાર.

**अपने परिणामोंसे उत्पन्न होता हुआ...** 'પરિણામોંસે ઉત્પન્ન હોતા હુઆ' ઐસા ક્યોં કહા? કિ પરિણામ દ્રવ્યકી પર્યાય હૈ ઈસ અપેક્ષાસે કહા, બાકી 'દ્રવ્યસે ઉત્પન્ન હોતા હૈ' (ઐસા

કહના) યહ ભી વ્યવહાર હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! **अपने परिणामोंसे उत्पन्न होता हुआ जीव ही है,...** આહાહા! અપનેકો કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ યે અપને પરિણામસે ઉત્પન્ન હોતા હૈ. ચાર ઘાતિકા નાશ હોતા હૈ તો કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ ઐસી અપેક્ષા નહીં. આહાહા! ઐસે દર્શનમોહનીય કર્મ એક હૈ ઉસકા અભાવ હોતા હૈ તો યહા સમ્યક્ કી પર્યાય હોતી હૈ ઐસી અપેક્ષા ભી નહીં. આહાહા! ઐસે અપનેમેં, આત્મ સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય આત્માકા સાક્ષાત્કાર (અર્થાત્) જૈસા આત્મા હૈ ઐસા જ્ઞાનમેં આકર, અનુભવમેં આકર પ્રતીતિ કી ઔર પીછે ઉસમેં લીનતા હોતી હૈ, યે ભી અપને દ્રવ્યકે આશ્રયસે લીનતા હોતી હૈ. પણ વો લીનતા ભી ખરેખર તો અપને ષટ્કારકકે પરિણમનસે લીનતા ઉત્પન્ન હોતી હૈ. આહાહા! દ્રવ્યસે ઉત્પન્ન હોતી હૈ યહ ભી એક વ્યવહાર સંબંધ બતાના હૈ. બહુ વાત સૂક્ષ્મ છે. યહ બાત ચાર દિન ચલી થી, આજ પાંચવાં દિન હૈ. યે તો ગંભીરતાકી બાત હૈ. પાર નહીં ઉસકા. અમૃતચંદ્રચાર્યકી ટીકા ઔર કુંદકુંદાચાર્યકે શ્લોક. એક-એક શ્લોકમેં ગંભીરતાકા પાર નહીં.

યહાં દૂસરા આયા. **इसीप्रकार अजीव भी**... જૈસે જીવ ભી અપની પર્યાયકે ક્રમકાલમેં—અપની ઉત્પત્તિકે કાલમેં—અપને પરિણામસે ઉત્પન્ન હોતા હૈ, યે પરિણામ યહાં નિર્મલ લેના, મલિન નહીં. ક્યોંકિ દ્રવ્યમેં અનંત ગુણ હોને પર ભી કોઈ ગુણ વિકૃતિ કરે પર્યાયમેં ઐસા કોઈ ગુણ નહીં. આહાહા! ઐસા અનંત ગુણકા પિંડ પ્રભુ અપની પર્યાયસે જો ઉત્પન્ન હોતા હૈ તો અજીવ ભી અપની પર્યાયસે ક્રમસર ઉત્પન્ન હોતા હૈ. આહાહા! સમજમેં આયા? યે અંગુલી ચલતી હૈ ઐસે, તો ક્રમબદ્ધ પર્યાયમેં સ્વકાલમેં હોનેકી ક્રિયાકા પરિણામ હોના થા તો હુઆ હૈ. આત્માસે હુઆ હે, આત્માને ઐસા કિયા તો અંગુલી ચલતી હૈ (ઐસા હૈ નહીં). ભગવાનકી પૂજામેં સ્વાહા... સ્વાહાકી ભાષાકી પર્યાય અજીવમેં ક્રમસર હોનેવાલી હુઈ હૈ. ઝીણી વાત. આહાહા! આ તમારા પૈસાવાળાએ સાંભળવું..... કરોડપતિ બે કરોડ રૂપિયા. મંદિર બનાયા ન મંદિર? આઠ લાખ ખરચા. આઠ લાખમેં પીછે.... હમ વહાં રહે તબ તક (વહીં) રહે તો, સ્ટીલ પડા થા સ્ટીલ, ઉસમેં ચાલીસ લાખ ઉત્પન્ન હો ગયા. નફામેં ચાલીસ લાખ વિશેષ. આઠ લાખ ખરચા ને ચાલીસ લાખ આયા. (શ્રોતા : અચ્છા ધંધા હૈ). યે તો અજીવકી પર્યાય ક્રમસે આનેવાલી થી તો આયી હૈ, ઉસમેં આત્માકો ક્યા? આહાહા!

વો તો યહાં કહતે હૈ, **अजीव भी क्रमबद्ध**... યે પૈસેકી પર્યાય ઉસ સમય યે ક્ષેત્રમેં આનેવાલી થી.., યે ક્ષેત્રમેં (આનેવાલી) થી, ઉસમેં માન લે કિ મેરા પૈસા હૈ, યે તો મિથ્યા(દ્રષ્ટિ) મૂઢ હૈ. આહાહા! કહો, માણેકચંદભાઈ! આ તમારા પૈસાવાળાને..... પૈસેકી પર્યાય, ક્રમબદ્ધમેં અજીવકી જો પર્યાય ઉસ સમયમેં યહાં ક્ષેત્રાંતર હોનેવાલી હૈ ઐસી હોતી હૈ. દૂસરા પ્રાણી કહે કે મૈંને રાગ કિયા, પુરુષાર્થ કિયા તો પૈસા કમાયા, યે ભ્રમ યાની અજ્ઞાન હૈ. આહાહા! **अजीव भी**... 'અજીવ ભી' ક્યોં કહા? જીવકી બાત પહલે ચલી હૈ ન? અજીવ પણ... આહાહા! રોટી બનતી હૈ તો આટેકી પર્યાય ઉસ સમય રોટી(રૂપ) હોનેવાલીથી તો હુઈ હૈ. સ્ત્રીસે હુઈ નહીં, તવા–તાવડીસે હુઈ નહીં, અગ્નિસે હુઈ નહીં. આહાહા! સ્ત્રીકી ઇચ્છા રોટી (બનાને)કી થી તો હુઈ

હૈ ઐસા ભી નહીં. ગજબ વાત છે. આહા! ઔર વો આટા લેકર ઉસમેં વેલણ ફિરાતે હૈં, તો વેલણ ઉસકો છૂતા હૈ ઐસા ભી નહીં. વેલણ કહતે હૈં? યે વેલણસે રોટી ઐસે ચૌડી હોતી હૈ ઐસા હૈ નહીં. ઇસકી પર્યાય ક્રમબદ્ધમેં ઐસી હોનેવાલી થી તો હોતી હૈ. આહાહા!

શ્રોતા : દેખાય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : દેખાય, યે તો સંયોગસે દેખતા હૈ મૂઢ. ઉસકી પર્યાયસે દેખે તો ઉસકી પર્યાય અપનેસે હુઈ હૈ. દેખતા હૈ સંયોગસે—વેલણસે, અગ્નિસે. દેખનેવાલેકી દ્રષ્ટિમેં ફેર હૈ. આહાહા!

શ્રોતા : દરબારને તો આટલા બધા રૂપિયા આવે...

પૂજ્ય ગુરુદેવશ્રી : કોની પાસે રૂપિયા આવે? ક્યાં રૂપિયા ધૂળમાં આવે?

આની પાસે તો બે કરોડ રૂપિયા છે. શાંતિપ્રસાદ અપને યહાં આતે થે ઉસકે પાસ ચાલીસ કરોડ. ઉસમેં ક્યા હૈ? અભી એક વૈષ્ણવ શેઠ વહાં મુંબઈ આયા થા હમારે દર્શન કરનેકો, (ઉસકે પાસ) પચાસ કરોડ હૈ. આ અમારા ચીમનભાઈના શેઠ. ચીમનભાઈ હૈં ન? ઉસકે યહાં નોકરી કરતે થે. છોડ દી. વો વૈષ્ણવ હૈ ઔર ઔરતેં હૈં સબ શ્વેતામ્બર જૈન. અને લડકા આદિ સારે આદમી વૈષ્ણવ. યે ઘરમેં દો (ધર્મ). સ્ત્રીકો પ્રેમ હૈ.... વો માણસ ભી નરમ હૈ. થોડા સુનનેકો આયે થે. વો વૈષ્ણવ હૈ ન? (તો પૂછા), મહારાજ! કર્તા હૈ કિ નહીં? કર્તા હૈ કિ નહીં? ૫૦ કરોડ રૂપિયા. ધૂળમેં ક્યા હૈ? પચાસ... પાંચ અબજ હૈ કિ ધૂળ અબજ હૈ.

જડકી પર્યાય ઉસ સમય ઉસ ક્ષેત્રમેં આનેકા ક્રમ થા તો આયી હૈ. ઉસકે પુણ્યસે આયી હૈ ઐસા કહના યે ભી નિમિત્તકા કથન હૈ. પૂર્વકા પુણ્ય હૈ યે તો જડકી પર્યાય હૈ. યે (પુણ્યકા) પરમાણુ જુદી પર્યાય હૈ અને યે પૈસા આતા હૈ વહ દૂસરી પર્યાય હૈ. પુણ્યસે પૈસા આયા ઐસે કહના યે ભી નિમિત્તકા કથન હૈ. આહાહા! બહુ વાત..... પ્રભુનો માર્ગ. યહાં તો પ્રભુકી ભક્તિ કરતે હૈં ઉસમેં અવાજ આતા હૈ 'સ્વાહા', યે જડકી ક્રમબદ્ધપર્યાયમેં હોનેવાલી (હૈ તો) હોતી હૈ. સ્તુતિ કરનેવાલા ઐસા માને કિ મૈં યહ ભાષા કરતા હૂં, મૈં સ્તુતિ કરતા હૂં.. અરરર! સમજમેં આયા? યે તો મિથ્યાત્વકા પોષણ હૈ. આહાહા! શેઠ નહીં આતે બડે ભાઈ? હરીશચંદ્રભાઈ. નરમ હૈ. વો તો જિનેશ્વરપ્રસાદ સહરાનપુર. મૈં તો હરીશચંદ્ર જબલપુર કહતા થા. આહાહા!

યહાં કહતે હૈં કિ શરીરકી પર્યાય ભી જબ જો ક્ષેત્રમેં જાનેકી યોગ્યતા હૈ વહાં ક્રમબદ્ધ હોતી હૈ. સમજમેં આયા? યે કહતે હૈં, **अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे... अपने परिणामोंसे...** યે ભી પરિણામ ઉસકો કહતે હૈં. પર્યાયકી દશાકો યહાં પરિણામ કહતે હૈં. પરિણામ ક્યોં કહા? કિ પરિ–સમસ્ત પ્રકારે, પર્યાયકે ભેદ... નિયમસારમેં આયા હૈ. ૧૪મી ગાથામેં. **परि समंतात् भेदम् इति गच्छतीति पर्यायः** ઐસા શબ્દ હૈ નિયમસાર ૧૪વી ગાથા. શરૂઆત કરતે હૈં ન. નિયમસાર ૧૪વીં ગાથા હૈ ન? સંસ્કૃત હૈ. **परि समंतात् भेदम् इति गच्छतीति पर्यायः** સંસ્કૃત હૈ. પર્યાય કિસકો કહના? પરિણામ ક્યોં કહા? પરિ–સમસ્ત પ્રકારે,

નમ ગયા. પર્યાય અપનેસે હુઈ હૈ. પરિણામ.. પરિણામ.. સમસ્ત પ્રકારે નમન નામ ઉત્પન્ન હોના. યે અપનેસે (ઉત્પન્ન) હુઈ હૈ, દ્રવ્યસે નહીં, ગુણસે નહીં, પરસે નહીં. આહાહા! આવું અહીં ક્યાં સંભળવા મળે? હૈ સંસ્કૃત હૈ. ૧૪વી ગાથા હૈ ન? આખિરમેં. **परिसमंतात्**.. પરિ+યાય. પર્યાય ક્યોં કહા? ક્રમબદ્ધ પર્યાય-પરિણામ ક્યોં કહા? **परि समंतात् भेदम् इति गच्छतीति** પર્યાયરૂપી ભેદ ઉત્પન્ન હોતા હૈ દ્રવ્યમેં. **भेदम् इति गच्छति इति पर्यायः** અર્થાત્ જો સર્વ તરફસે ભેદકો પ્રાપ્ત હો યે પર્યાય હૈ. સમજમેં આયા?

તો યે પરિણામ ભી પર્યાય હૈ. તો દ્રવ્યમેં યે સર્વ પ્રકારસે અપને પરિણામ ભેદ હોકર અપનેસે હોતા હૈ. પરકે કારણસે અજીવકી પર્યાય હોતી હૈ (ઐસા હૈ નહીં). આહાહા! ઐસે કાઉસ્સગ્ગ લગાના, મૈં ઐસા કાઉસ્સગ્ગ.... શરીરકી પર્યાય ક્રમમેં ઐસે હોતી હૈ તો ઐસા હોતા હૈ. ઉસસે 'મૈંને ઐસા કિયા' (ઐસા માનના) યે તો ઉસકા અભિમાન હૈ. કૌન લગાતે હૈં? કોઈ લગાતે નહીં. માનતે હૈં. અજ્ઞાની માનતે હૈં કિ હમ ઐસે કરતે હૈં. ભગવાનકી સ્તુતિ ભી ચલતી હૈ તો વાણીકી પર્યાયસે ચલતી હૈ અને ક્રમસર પર્યાય હૈ ઉસસે ચલતી હૈ. આહાહા! મંદિર ભી હુઆ, પ્રતિમા ભગવાનકી ઉપરમેં... વો ક્રમસર જડ–અજીવકી પર્યાય હોનેકે કારણસે પરિણામ વહાં હુઆ હૈ. યે પરમાણુમેં **भेदम् इति गच्छति**... ઉસ સમય ભેદરૂપ પર્યાયકી ઉત્પત્તિ હૈ તો ક્રમસર ઉત્પન્ન હોતા હૈ. દૂસરા જીવ કિ દૂસરા અજીવ ઉસકો બનાયે ઐસા તીન કાલમેં હોતા નહીં. આહાહા!

યહાં તો થોડા... મૈંને કિયા, મૈંને કિયા, હમને કિયા, ઐસા મૈંને કિયા, ઐસા મૈંને કિયા.... યહાં તો દરેક અજીવકી પર્યાય વ્યવસ્થિત હૈ. વ્યવસ્થિતકા અર્થ વ્યવસ્થા. વ્યવસ્થાકા અર્થ વિશેષે અવસ્થા. વ્યવસ્થાકા અર્થ વિશેષે અવસ્થા. સામાન્ય પરમાણુ જો દ્રવ્ય હૈ ઉસકી વિશેષ અવસ્થાકો વ્યવસ્થા કહતે હૈં. તો પરમાણુકી વ્યવસ્થા દ્રવ્યમેં પર્યાયસે હોતી હૈ. આહાહા! સમજમેં આયા? આ ઝીણી વાત છે ભાઈ! અત્યારે તત્ત્વનો ફેરફાર બહુ થઈ ગયો છે. માન લેતે હૈં કિ હમારે ધર્મ હોતા હૈ. ભગવાનકી સ્તુતિ કી, ભગવાનકો ચાવલ ચઢાયા, કેસર ચઢાયા. અબ તો ભગવાનકા અભિષેક કરતે હૈં પંચામૃતસે. ભગવાન તો વીતરાગ હૈં. મૂર્તિકો પંચામૃત ભી હોતા નહીં. આહાહા!

યે મૂર્તિ ભી સ્થાપન હુઈ હૈ વો ક્રમપર્યાયસે વહાં સ્થાપન હુઈ હૈ. સ્થાપન કરનેકા ભાવવાલા થા તો ક્રમમેં શુભભાવ આનેવાલા તો આયા. યે શુભભાવસે તો..... સબ ક્રમમેં હૈ. સબ ક્રમમેં હૈ. ... ભોપાલમેં થે ન? ભોપાલમેં ગયે થે ન? પવૈયાજી! ભોપાલમેં પંચકલ્યાણક થા તબ આયે થે ન? ૪૦ હજાર માણસો થે. વ્યાખ્યાન–પ્રવચનમેં ૪૦ હજાર. સબ સુનતે થે, પણ વો સબ આનેવાલી પર્યાય થી તો આયી હૈ. આહાહા! અને ભાષાકી નિકલનેકા કાલ હૈ તો ભાષા નિકલતી હૈ. પ્રભુ! ઐસી બાત હૈ. યે જડ હૈ. જડ ક્રમબદ્ધ અપને પરિણામસે ઉત્પન્ન હોતા હૈ. આહાહા! આ વાત બેસે...

શ્રોતા : નિશ્ચયસે તો ઐસા હૈ.....

પૂજ્ય ગુરુદેવશ્રી : નિશ્ચયસે નામ યથાર્થ જૈસી વસ્તુકી સ્થિતિ હૈ ઐસા યહ હૈ. ઇસસે વિપરીત માનના વહ દ્રષ્ટિ વિપરીત હૈ. આહાહા! એમ કે નિશ્ચયસે ઐસા હૈ. તો વ્યવહારસે હોતા હૈ કિ નહીં? સ્પષ્ટીકરણ કરાતે હૈં. આહાહા! યહાં તો કહતે હૈં કિ શ્રીમદને એક બાર કહા.... શ્રીમદ્ રાજચંદ્ર. તિનકાકા ટૂકડા કરના યે ભી આત્મામેં તાકાત નહીં હૈ. એક તિનકા–તરણા. તિનકાકા દો ટુકડા કરના યે આત્માકી શક્તિ નહીં. તો ટૂકડાકી પર્યાય ક્રમબદ્ધમેં હોનેવાલી હૈ તો હોતી હૈ. આહાહા! પુરુષાર્થ તો અજ્ઞાનકા કરે. માને કિ મૈં ખેડ કરતા હૂં, બળદકો જોતતા હૂં, બળદકો ચલાતા હૂં. યે સબ અભિમાન મિથ્યાત્વ અભિમાન હૈ. આહાહા!

યે કહતે હૈં, ઇસીપ્રકાર નામ જીવની પેઠે–જીવની જેમ, **अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे**... આહાહા! 'પરિણામોંસે' ક્યોં કહા? અનંત પરિણામ હૈં ન? દરેક પરમાણુમેં અનંત ગુણ હૈં, તો એક સમયમેં અનંતી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. એક પરમાણુમેં એક સમયમેં અનંતી પર્યાય (હોતી હૈ). ક્યોંકિ અનંત ગુણ હૈં ન? તો ઉસકી અનંતી પર્યાય ક્રમબદ્ધમેં–ક્રમસરમેં આનેવાલી હૈ વો આયી હૈ. આહાહા! આવું કામ. નિશ્ચયસે ઐસે હૈ, પણ વ્યવહારસે કર સકતા હૈ ન? ઐસે કહતે હૈં. વ્યવહારસે બોલનેમેં આતા હૈ. ઉસને કહા કિ યે શહેર મેરા. સમજમેં આયા? ગાવ મેરા, રાજકોટ મેરા. સરદારશહેર.... સરદાર શહેર નહિ, કૌનસા ગાવ? સહરાનપુરકે હમ રહનેવાલે. સહરાનપુર દૂસરી ચીજ હૈ, તુમ રહનેવાલે દૂસરી ચીજ હો. સહરાનપુરમેં રહનેવાલે તુમ હો? તુમ તો આત્મામેં રહનેવાલે હો. રાગમેં રહનેવાલે ભી નહીં, તો શહેરમેં રહનેવાલે (કહાં)? આહાહા! બહોત ફેર હૈ.

**अजीव भी क्रमबद्ध अपने परिणामोंसे उत्पन्न होता हुआ**... આહાહા! પાણી ઉષ્ણ હોતા હૈ અગ્નિકે નિમિત્તસે, તો કહતે હૈં કિ ઉષ્ણ હોનેકે ક્રમમેં પાણીમેં ઉષ્ણ હોનેકા પર્યાયકા કાલ થા તો ઉષ્ણ હુઆ, અગ્નિસે નહીં. આહાહા! સમજમેં આયા? આ તો દ્રષ્ટાંત છે. સિદ્ધાંત તો યે હૈ કિ પ્રત્યેક અજીવ પદાર્થમેં અપને સ્વકાલમેં ક્રમસરમેં આનેવાલે પરિણામસે યે પરિણામ હોતા હૈ. આનેવાલા હૈ ઔર હોનેવાલા હૈ, સ્વકાલ હૈ. આહાહા! ખરેખર તો જો ભી પરિણામ (હોતા હૈ) પરમાણુમેં ને અજીવમેં, વો ષટ્કારકસે પરિણમન હોતા હૈ. યે પરમાણુકા પરિણામ ભી....

પંચાસ્તિકાય ૬૨ ગાથા હૈ. પંચાસ્તિકાય. ઉસમેં, જીવ ઔર કર્મ—દોનોં(કે પરિણામ) અપને પરિણામસે હુએ હૈં ઐસા પાઠ હૈ. ૬૨ ગાથા, પંચાસ્તિકાય. વો ચર્ચા હુઈ થી વર્ણીકે સાથ. વિકાર અપનેસે હોતા હૈ, પરસે નહીં. યહાં તો અભી નિર્મલ પર્યાયકી બાત ચલતી હૈ. નિર્મલ પર્યાય ભી અપનેસે ક્રમસર હોનેવાલી હૈ તબ હોતી હૈ. ઉસકા અર્થ, ધર્મકી નિર્મલ પર્યાયકા આશ્રય દ્રવ્ય (કહના) યે વ્યવહાર હૈ. તો દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાયેગી–પર્યાય અપને દ્રવ્યકી તરફ ઝુકેગી.. આહાહા! પર્યાય મુખ બદલેગી–પર્યાયકા મુખ રાગ, પુણ્ય ને દયા-દાન ને વિકલ્પ ઉપર હૈ, યે પર્યાય મુખ બદલેગી, અપને દ્રવ્ય તરફ મુખ બદલેગી, તબ ઉસકો ક્રમબદ્ધમેં સમ્યગ્દર્શન ને ધર્મ હોતા હૈ.

શ્રોતા : મુખ કૈસે બદલના હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : યે હૈ ઉસકો ઐસે કરના હૈ. મોઢું આમ છે તો આમ કરી નાખ. સમજમેં આયા?

કોઈ ભી પરકા કર સકે ઐસા હો તો, યે ઐસા હૈ (ઉસે) ઐસા કર દો. આહા! ઐસે થા, ઐસે કર દો. ઐસે નહીં હોતી. સમજમેં આયા? ઐસા હૈ........... આહાહા! વાત બહુ ઝીણી છે બાપુ! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા..... અનંત દ્રવ્ય જૈસે હૈં.... અનંત અનંતપને કબ રહેંગે? અનંતમેં એક દ્રવ્યકી પર્યાયકા દૂસરા કર્તા ન હો તો અનંત અનંતપને રહેંગે. જો દૂસરા દ્રવ્ય દૂસરેકી પર્યાયકા કર્તા હો તો યે પર્યાય બિનાકા વો દ્રવ્ય રહા. પર્યાય બિનાકા દ્રવ્ય રહતા નહીં. એક (દ્રવ્ય) પર્યાય બિના રહા, દૂસરા દૂસરેકા કર્તા હો તો વો પર્યાય બિનાકા દ્રવ્ય રહા. પર્યાય બિનાકા દ્રવ્ય રહે તો દ્રવ્યકા ભી નાશ હોતા હૈ. આહાહા! સમજમેં આયા? શેઠ! ઐસી ઝીણી બાત હૈ. શેઠ એટલા ભાગ્યશાળી કે શિબિરમેં આવે છે, દુનિયાસે છૂટ જાતા હૈ.

યહાં તો યે કહતે હૈં કિ કોઈ ભી રજકણ કે કોઈ ભી પરમાણુકા સ્કંધ... યે સ્કંધ હૈ ઉસમેં જો પરમાણુ હૈ, યે પરમાણુ ભી ક્રમસર અપની પર્યાયસે ઉત્પન્ન હોતા હૈ. યે સ્કંધમેં આયા હૈ તો ઐસી પર્યાય હુઈ ઐસા નહીં. યે પરમાણુકી લોહીકી... યે લોહી હૈ ન? લોહીકો ક્યા કહતે હૈં? ખૂન. ઉસકી પર્યાય હુઈ ન, તો પરમાણુ યહાં આયા તો ખૂનકી પર્યાય હુઈ ઐસા હૈ નહીં. યે પરમાણુકી ખૂનકી પર્યાય હોનેકી યોગ્યતાસે ક્રમબદ્ધ આનેવાલી થી તો આયી હૈ. આહાહા! પ્રભુ! તુમ તો જ્ઞાતા-દ્રષ્ટા હો ન. જાનને-દેખનેવાલા કર્તા હો જાયે તો મિથ્યાત્વપના આ જાતા હૈ. આહાહા! તુમ તો.... જ્ઞાતા–અકર્તા સિદ્ધ કરના હૈ ન? યહાં તો અકર્તા સિદ્ધ કરના હૈ. ઉપર હૈ ન. બતાયા થા.

